# મોક્ષાવલિ

## ભાગ-૧

શ્રી નરસિંહરામ પ્રગટધામ આશ્રમ મુમુક્ષુ મંડળ
મુ.પો. કાંકણોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
ફોન : ૨૩૪૬૯૦/૯૫

*મોક્ષાવલી ભાગ -૧*

તારુ જ
તુજને અર્પણ

એ પાવન
સમર્થણની શુભ-શુધ્ધ
ભાવનાપૂર્વક

**• આવૃત્તિ •**
પ્રથમ : ૧૯૯૯ - પ્રત : ૫૦૦
દ્વિતીય : ૨૦૦૮ - પ્રત : ૧૦૦૦

**• મુદ્રક •**
હરિ ૐ ઓફસેટ પ્રિન્ટર્સ
બી/જી-૧, દુર્ગા કોમ્પલેક્ષ, હિંમતનગર.
ફોન : (ઓ) ૨૪૩૩૭૭ (મો.) ૯૪૨૬૫૦૮૬૮૪

: હરિ ૐ તત્સત્ :

# સમર્પણ

ધન્ય ધરતી ધન્ય ગુર્જરી ધન્ય ધન્ય સાબર પ્રદેશ
સતિ સંતને સજ્જનો વસે, એવો પવિત્ર આ દેશ.

ભારત ખંડ ભૂમિ વિષે, ગુજરાત રૂડો પ્રદેશ
અમદાવાદની ઉત્તરે, જુનું ઇડર સ્ટેટ

હાલ સાબરકાંઠા નામથી, જગ વિષે ઓળખાય
નર નારી પશુ પક્ષીઓ, જ્યાં સુખે કરે ગુજરાન

સંવત ઓગણીઓ પંચ્યાસી, ભાદરવા સુદનો સાર
હિંમતનગર તાલુકામાં, કાંકણોલ નામે ગામ

લેઉઆ પાટીદાર ત્યાં વસે, પિતા શ્રી અમરદાસ નામ
દિવાબાના ઉદરથી, જનમ્યા નરસિંહ રામ

એકાદશી સોમ સવારમાં, ઉગ્યો અનેરો ભાણ
જગ વહેવારે ઓળખવા, ધર્યું અનેરૂં નામ

નહિ જન્મે નહિ મરે, નહિ ધરે અવતાર.
એવો અવિચળ આત્મા, જેને નડે નહિ કદિ કાળ.

આવી આ વિરલ વિભૂતિની અમિ દ્રષ્ટિસદાય અમોને મળતી રહી છે.... જે સત્પુરૂષના ઇશારે..... નિજાનંદની મસ્તી માણતાં સત્સંગ રૂપી અમૃત ધારામાં રસ તરબોળ થઇ જીવનને પાવન કરવાનો ભગીરથ પ્રયાસ કરી સત્ પુરૂષ પ્રત્યે કૃતજ્ઞતા (ઋણ) અદા કરીએ.

-ૐ જય સચ્ચિદાનંદ....

એજ લિ.
સત્ પુરૂષના આશ્રયે,
શ્રી નરસિંહરામ પ્રગટધામ સર્વે
મુમુક્ષુજનોના આત્મ ભાવે કોટિ કોટિ વંદન.

॥ શ્રી સદ્ગુરૂ પરમાત્માને કોટિ-કોટિ નમસ્કાર ॥

# :: નિવેદન ::

*નમઃ શિવાય ગુરુવે સચ્ચિદાનંદ મૂર્તયે ।*
*નિષ્પપંચાય શાન્તાય નિરાલંબાય તેજસે ॥*

ભારતની આ પવિત્ર ભૂમિ ઉપર વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ ભૂમિકાએ પહોંચેલી વિરલ વિભૂતિઓ યુગો યુગથી સ્વયં સ્વરૂપે પ્રગટતી રહેલી છે તેમાંય બ્રહ્મનિષ્ઠ મહા પુરૂષો કે જેઓ વેદો, પુરાણો ઉપનિષદો જેવા અતિ ગ્રહન શાસ્ત્રોનું યથા યોગ્ય દોહન કરીને સંસાર ચક્રમાં અટવાતા જીવાત્માઓના આત્માના કલ્યાણનો હેતું લક્ષ્યમાં ધરીને પોતાના કરૂણા ભાવને શબ્દોનું રૂપ આપીને ગદ્ય પદ્યમાં ચરીતાર્થ કરેલ છે. અને લોક કલ્યાણ માટે કૃપા વરસાવેલ છે. આવી અનેક વિભૂતિઓ ભારત ભૂમિ ઉપર હાલમાં માંજુદ છે. તે પૈકી એક વિરલવિભૂતિ કે જેઓના આશ્રયે કરીને અમને હર હંમેશ કૃપા પ્રસાદી મળતી રહેલી છે. જેઓ પ્રકટ છતાં અપ્રકટ રહેવા ઇચ્છતા નામી છતાં અનામી એવા સ્વરૂપ આરૂઢ પરમ **સંત શ્રી ને નરસિંહભાઇ ભગત** તરીકે લોકો ઓળખે છે. તેઓશ્રી બહારના કર્મ વેશ વ્યવહારના દેખાવે ભલે સાદા જણાય છતાં પોતાની સ્વરૂપ ધારા સતત વહેતી હોય છે. આત્મ નિષ્ઠા અડગ છે. પોતાના સત્ય સ્વરૂપમાં વૃત્તિયો લિન કરી સદા તૃપ્તિનો આનંદ-નિજાનંદની મસ્તીમાં મસ્ત રહેતા એવા એક પરમ સંત છે. એવું કહિએ તો અતિશ્યોકિત નથી.

મહા પુરૂષનો સાચો પરિચય આપવા જઇએ તો કોડીયું લઇને સૂર્યને પ્રકાશ આપવા જેવું થાય. મીઠાની પૂતળી શું દરિયાનું માપ લઇ શકે ખરી ? અલબત્ત સમજણની દ્રષ્ટિએ આવા મહાપુરૂષને ઓળખવામાં અમારો પનો

યાને સમજણ ટુંકી પડે છે. અને ખરેખર આ કામ બુધ્ધિ બહારનું છે. પોતાના હૃદયમાં રહેલા કરૂણા ભાવ થકી સ્વયં અનુભવને શબ્દોનું રૂપ આપી વચનામૃતો ને પદમાં વહેતા કરેલ છે. જે પદોમાં સમાયેલ અતિ ગૂઢ રહસ્યોને પામવા અમો મથામણ કરી રહેલ છીએ અને તેના એક પ્રયાસ રૂપે તેઓશ્રીના મુખથી ગવાયેલાં સ્વરચિત પદોનું સંકલન કરીને પુસ્તકના રૂપમાં બહાર પાડવા સર્વે મુમુક્ષ જનોની સંમતિ મળતાં આ પુસ્તકને છાપવા સારુ ઋણ અદા કરવાની વિદુરસમ જીજ્ઞાસુએ સાધી લીધી છે અને આધ્યાત્મિક પ્રવાહને વેગ આપેલ છે. તેમની શુભ ભાવના ધન્યવાદને પાત્ર છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમની પવિત્ર ભાવના ને સદાય સતત વહેલી રાખે તેવી પ્રાર્થના.

વિષય વાસના, કામ, ક્રોધે, લોભ, મોહ, મદ મત્સર ઇત્યાદિક ઇર્ષા, અદેખાઇ, ક્લેશ, માન, બડાઇ, આળસ, પ્રમાદ, રાગ-દ્વેશ, અધિરાઇ, મમતા અનાદિથી જીવની પાછળ પડેલ છે પરંતુ તેમાંથી બચવા નો ઉપાય શો ? કારણકે જીવને ખરબ નથી એટલે જાય પણ ક્યાં ? અને કરે પણ શું ? સંસાર વેલની માયા કુવેચ તેને વળગી છે એને ખંજવાળતાં અતિ મીઠી લાગે છે. છતાં થતી વેદના બળતરાને સહન કરાવાની તેને ટેવ પડી ગઇ છે. સ્વાર્થ અહંકાર અને અજ્ઞાનરૂપી ધોર અંધકારમાં અટવાતો આ જીવ હું અને મારા પણાના અનંત કાળથી કુળ, ગૌત્ર, નાત-જાત વાડો, સંપ્રદાય, નામ રૂપ ગુણ, ધન વૈભવ, દૌલત પૂત્ર પરિવાર પોતાના છે. એવું ભ્રાન્તી વશ થઇ માની બેઠેલો છે. આ જીવાત્મા અહંવશ થઇ રાગના બંધને બંધાઇ કર્મની એવી જાળ કાયમ ગુંથતો જ રહે છે. અને તેના શુભ અશુભ ફળ રૂપે હિમાલય જેવડો પ્રારદ્ધ ડુંગરો ખડકાવે છે. અને એ પ્રારદ્ધ ભોગવવા સારૂં જન્મ મરણના ચક્કરમાં અનંત ભવથી આંટા માર્યા કરે છે.

જીવાત્માને કોઇક વાર થાય છે કે પૂન્ય યોગે છૂટવાના વિચારો પણ આવે છે. પરંતુ તે શુભ વિચારોને કોઇક વિરલા જ અમલમાં મૂકી શકે છે. અને સત્ પુરૂષનું શરણું ગ્રહણ કરી પોતાની અનંત કાળની ભૂલને ટાળી શકે છે. જીવ જો સત્ પુરૂષનું શરણું સ્વિકારે અને તેમના વિચાર પર દ્રઢ વિશ્વાસ રાખ તો સદ્ગુરૂ કરૂણાના સાગર, દયાના ભંડાર કૃપા કરી જીવાત્માને સ્વરૂપનું ભાન કરાવી જીવન મુક્તિ કરે તેમાં શંશય નથી.

સત્ પુરૂષ સચ્ચિદાનંદ સ્વરૂપનું ભાન કરાવી હું જીવ નથી શિવ સ્વરૂપ છું. હું અજર અમર અનાદિ નિત્ય શાશ્વત શુદ્ધબુદ્ધ ચૈતન્ય આનંદધન એવા સત્ય સ્વરૂપમાં સ્થિતિ કરાવી સદા મુક્તિનું દાન આપે છે. જીવ જો સદ્ગુરૂની સાચી શરણાગતિ સ્વિકારે તો કીડામાંથી ભ્રમર બને છે. પારસના સંગથી લોઢું માત્ર સોનું બને છે. પરંતુ સંતના સંગથી તો પોતે સંત સ્વરૂપ બની જાય છે એટલે કે જીવનો શિવ બની જાય છે. શરત છે સદ્ગુરૂના વચનમાં દ્રઢ વિશ્વાસ. સત્ પુરૂષની શરણાગતિ સ્વીકારતાં જીવાત્માના તમામ આવરણો છૂટી જાય. સ્વપનામાંથી જાગતાં વાર લાગે તેટલી જ વારમાં જીવ શીવ સ્વરૂપમાં સ્થિર થઇ શકે છે અને પરમાત્મા તેના હૃદયમાં સ્વયંપ્રગટ થાય છે નદીઓ દરિયાને મળતાં નામરૂપ ગુંણખોતાં સ્વયં દરિયો બની લ્હેરાય છે. છેલ્લે સત્ પુરૂષનું કહેવું એજ કે આ સંસારમાં જાણવા જોગ પ્રાપ્ત કરવા જોગ પોતાનો આત્મા જ છે. જેથી મનુષ્યે પોતાનો મૂલ્યવાન અવતાર એરેવેરે વેડફ્યા વિના પોતાનામાં બેઠેલા આત્માને જાણવા યોગ્ય પુરૂષાર્થ કરવો જોઇએ ને પ્રાપ્ત કરી લેવા સતત પ્રયત્ન શીલ રહેવું. યાને સત્ય પુરૂષોનો સતસંગ, સત્ શાસ્ત્રનું વાંચન ગુરૂ આદેશનું પાલન કરી જીવન મુક્ત થવું એજ માનવ જન્મની સાર્થકતા.

## સાખી

નરસિંહ મોક્ષ દુર્લભ નહિ, દુર્લભ સદ્‌ગુરૂનો યોગ,
સદ્‌ગુરૂ જો સાચા મળે, તો સ્હેજે ટળે ભવ રોગ.

બંદૂક ભરી બે નાળ ની, ભડાકે રહે બે ભાન,
નરસિંહ નેજાં ના પડે, જેને તાક્યાં નહિ નિશાન.

ભૂંપો શરણે માથું મૂંકે, દેવો માગે અભય દાન,
નરસિંહ સાચા સંતને, ત્રિલોક તરણું જાણ.

ચાર વેદ મોઢે ભણે, પુંરાણ ભણે અઢાર,
નરસિંહ દેહ ભાવ ગયા વિના, સઘળા જાણો ચમાર.

આત્મ કલ્યાણના માર્ગમાં સહભાગી થવા સારૂ અને જગત કલ્યાણનો ભાવ રાખી અતિ ઉત્સાહી સેવાભાવી મુમુક્ષુ મંડળના વિદુર સમ જીજ્ઞાસુએ પદોને પુસ્તક રૂપે છાપી આપવાની તત્પરતા દાખવી છે તે બદલ અત્રે કાંકણોલ ભક્ત મંડળ અને સર્વ મુમુક્ષો તેમના ખૂબ ખૂબ ઋણી છીએ અને પરમ કૃપાળું પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે આત્મ કલ્યાણનો માર્ગ તેમના જીવનમાં સફળ બની રહો એજ અભ્યર્થના અસ્તું....

*એજ લિ.*
*સત્ પુરૂષના આશ્રયે,*
*શ્રી નરસિંહરામ પ્રગટધામના સર્વે*
*મુમુક્ષુજનોના આત્મ ભાવે કોટિ કોટિ વંદન.*

'' શ્રી સદ્‌ગુરૂ પરમાત્માને નમસ્કાર હો ''

## અનુક્રમણિકા


| પાના નં. | પદનું નામ | પાના નં. | પદનું નામ |
|---|---|---|---|
| ૧ | ૐ ગુરૂગુણપતિ અંતરયામી | ૨૧ | અમે ગાડાં રે જોડીને |
| ૨ | તારા સ્વરૂપને તું જાણ | ૨૨ | જેને ગુરૂજી મલ્યા બ્રહ્મજ્ઞાની રે |
| ૩ | બહાર ભટકવા જઇશ મા | ૨૩ | મારા ગુરૂજીના જ્ઞાને |
| ૪ | આપણ અલખનાં છોરું | ૨૪ | મારા ગુરૂજીએ ઓળખાવી મને |
| ૫ | આજે રે ગુરૂજી મૂંજને | ૨૫ | આજુંનો દિન મારે |
| ૬ | સદ્‌ગુરૂ એ આપ્યાં રૂડાં જ્ઞાન | ૨૬ | મન મત બનો મારી હેલી |
| ૭ | આજ મારાં દેદાર દરસ્યાં રે હો | ૨૭ | દેહ છતાં વિદેહી મારા |
| ૮ | ગુરૂની ગમ વડે આજ | ૨૮ | મંગલ દ્વારશી મહામંત્ર |
| ૯ | હે જી ભેટયા દેવોના દેવ | ૨૯ | અલખ ફકીરી મેંતો ગુરૂ ગમના |
| ૧૦ | તું ભરી જાને ભ્રહ્મમાં | ૩૦ | જ્ઞાન ગુલાલો ગુરૂ ગમના |
| ૧૧ | ગુરૂને ગોવિંદ રૂપ માનીયે રે લોલ | ૩૧ | સ્વરૂપ સમજાણું મૂજને |
| ૧૨ | હંસા પ્રગટ દશા પુરા સંતની | ૩૨ | ઓ જીવલડા જાગી જો |
| ૧૩ | હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું | ૩૩ | દેહ અધ્યાસની બેડી |
| ૧૪ | પ્રકટ સ્વરૂપમાં હો | ૩૪ | નિશ્ચય થયું નિજરૂપ |
| ૧૫ | હેલી પ્રકટની વાતો | ૩૫ | હું તો મસ્ત રહું અલખમાં |
| ૧૬ | ગુરૂજીના જ્ઞાન હૈયે ધરીયે રે | ૩૬ | કાયા પતિ રામથી રઢ લાગી |
| ૧૭ | સચ્ચિદાનંદ તું પોતે | ૩૭ | શુરતી સ્વરૂપમાં રાખાં |
| ૧૮ | પ્રકટ ખેલે નર બંકા | ૩૮ | સંતો જયાં પગલાંને માંડે |
| ૧૯ | આતમનું અજવાળું | ૩૯ | ચોરાસી કમાયા |
| ૨૦ | કોઇ ઘેલી રે દુનિયાને | ૪૦ | જગતમાં દિલ નથી ઠરતું |

| પાના નં. | પદનું નામ | પાના નં. | પદનું નામ |
|---|---|---|---|
| ૪૧ | અવધૂત બાવે મ્હેર કરી રે જી | ૬૧ | હેલી ચાલાં રે જઇએ નીજ |
| ૪૨ | હેતની હેલી | ૬૨ | હેલી આરે સંદેશા ગુરૂ દેવના |
| ૪૩ | મારા ગુરૂજીએ ઓળખાયો રે | ૬૩ | હેલી સંગત કરીયે રે સાચા |
| ૪૪ | સૂઢાળા મારી વ્હારે | ૬૪ | નિષ્ટાની દોરી બાંધાં રે |
| ૪૫ | હરિને ભજીલે પ્રાણીયા હો જી | ૬૫ | ધન્ય ધન્યએ ભૂમિને રે |
| ૪૬ | ભજન ગણું આગુ રહ્યું | ૬૬ | સદ્દગુરૂના ચરણ પખાળાં રે |
| ૪૭ | પ્રભુજી અને પાસે દીસે રે જી | ૬૭ | ઘટઘટમાં સદ્ગુરૂ ગાજે રે |
| ૪૮ | જાગી રે જોને દિલડા ભણી | ૬૮ | પ્રભું પ્રસન્ન કરવા રે |
| ૪૯ | મને સંઘળે હું જણાઉ રે | ૬૯ | જેની અખંડ વૃત્તિ વિભુંમાં રે |
| ૫૦ | મને આજ થઇ  ઓળખાણ | ૭૦ | તેના દાસ જ થઇએ |
| ૫૧ | હરિને સ્મરો હર ઘડી રે | ૭૧ | માનવ થોડા હું પદ રાખો |
| ૫૨ | કાયા પીંજર માંહી રે | ૭૨ | યઠવાળો યઠવાળો સકલ જગ |
| ૫૩ | ગુરૂજીના જ્ઞાન રે | ૭૩ | ઘટ ઘટ માંહી બોલે રે |
| ૫૪ | કાયા મંદિર માંહીરે | ૭૪ | મનડાં મરેલાં રે |
| ૫૫ | અમને આતમ હિરલો | ૭૫ | પીધી છે પીયાલી રે |
| ૫૬ | પર ના દોશો નવ જોશો | ૭૬ | નિશ્ચય થઇને બેઠો રે |
| ૫૭ | હેલી આરે ચાંગડીયાં લાભનાં | ૭૭ | કોઇ સંત માંજો માણે રે |
| ૫૮ | હેલી જાગી રે જાુવાં નિજ રૂપને | ૭૮ | સદ્ગુરૂજીની શાને રે |
| ૫૯ | વાતો કોને કહીયે હેલી | ૭૯ | ભડકેને ભડકે લાગે રે |
| ૬૦ | અવસર માંઘા મૂલનો હેલી | ૮૦ | પીયુ વિના પલના રહેવાય |

| પાના નં. | પદનું નામ | પાના નં. | પદનું નામ |
|---|---|---|---|
| ૮૧ | આજના અવસરીયે | ૯૬ | મિથ્યા સંસારમાં હો |
| ૮૨ | હેજી મુજને હાજર બતાયો | ૯૭ | આત્માને જાણતા હો |
| ૮૩ | આજરે અલખ મારી નજરોમાં | ૯૮ | આજે અમારા મંદિરીયામાં |
| ૮૪ | મેં તો ઓઢી રે અમર ઓઢણી | ૯૯ | હું ને ખોયા વિના રે |
| ૮૫ | સુખના સાગરીયા છલકાયા | ૧૦૦ | દેહ ભાવ છોડાં રે હો |
| ૮૬ | સંત ચરણની રજ છું રે | ૧૦૧ | હંસા કાય નગર લેજો ઘેરી |
| ૮૭ | હેલી મારી | ૧૦૨ | દેહભાવ છોડતાં હો |
| ૮૮ | એવા કાયાના પીંજરીયે રે | ૧૦૩ | સુખનો સાગર સ્વરૂપ છે રે |
| ૮૯ | જાવું છે હરિ ને ધામ | ૧૦૪ | સચ્ચિદાનંદ સ્વરૂપ છે રે |
| ૯૦ | હાં રે મલ્યું માનવનું માંઘેરૂ તન | ૧૦૫ | છંદ |
| ૯૧ | સુખ સ્વરૂપનું ચાખાં | ૧૦૬ | હંસા જીવન મુક્ત થઇ |
| ૯૨ | સિધ્ધિયો કોઇ સંત પાવે | ૧૦૭ | માંજો રે માણીયે |
| ૯૩ | રામ રહિમ તું એક જ છે | ૧૦૮ | જ્ઞાન મારા ગુરૂજીનું |
| ૯૪ | તને તું જાણ જે | ૧૦૯ થી ૧૧૮ | સાખી સંગ્રહ |
| ૯૫ | હરિના જન તો તેને કહીયે | | |

૯૯. નરસિંહ મોક્ષ સહજ છે, મળીયા મોક્ષ દુલારા
ચાવી આપી સ્વરૂપની, ખૂલ્યા અંતરના ખજાના.

૧૦૦. સનમાને હર્ષ નહિ, અપમાને નહિ શોક
નરસિંહ મસ્ત ફકીરને, જાણે વિરલા કોક.

૧૦૧. આપો નહિ તાપો નહિ, નહિ કરમની ઝાળ
નરસિંહ અક્રમ આત્મ દશા, શું જાણે સંસાર.

૧૦૨. નરસિંહ દોલત દેદારની, ગુરૂગમે લીધી ગોતી
અલમસ્ત આતમ દશા, માયા રહી ગઈ રોતી.

૧૦૩. નરસિંહ તારા નિજ દેદારે, અઢળક માલ ભરીયો
સારી દુનિયા મોજ ઉડાવે, એવો માલ મલીયો.

૧૦૪. પ્રશંષાથી પલળે નહિ, નીંદાથી નહિ ડગે
નિજાનંદી નરસિંહ સદા, નીજ સ્વરૂપે રમે.

૧૦૫. મનની દુનિયા છોડતાં, બ્રહ્મની ખડકી ખુલી
નરસિંહ દેહ છોડતાં, અમર વસ્તું મલી.

૧૦૬. નરસિંહ દેહભાવ છોડતાં, શી મસ્તી છે વાહ
સ્વરૂપાનંદ ચાખતાં, બની ગયો શહેનશાહ.

૧૦૭. ઉદય કર્મોને આમંત્રુ છું આવો તમે આ વાર
નરસિંહ અવિચળ આતમા, છેલ્લો છે અવતાર.

૧૦૮. શુળી પરનું અમૃત પીને અમર થયો વું આજ
કાળ મુજને શુ કરે, હું કાળનલ શિરતાજ.



(સાખી)

**ત્રણેકાળ વંદન કરૂ, શ્રી સદ્ગુરૂ ભગવંત;**
**પ્રકટ પામ્યો નિજઆત્મા, આવ્યો ભવનો અંત.**

## ૧. ૐ ગુરૂ ગુણપતિ અંતરયામી

**(રાગ : જય મહાકાળી પાવાવાળી...)**

ૐ ગુરૂ ગુંણપતિ અંતરયામી;
અંતરયામી ગુરૂ મારા, સચરાચર સ્વામી...ૐ ગુરૂ...

અજર અમરને અવિનાશી, સહજાનંદી શુદ્ધ સ્વરૂપી (૨)
દેહાતિત ગુરૂજી વંદન કરીયે...ૐ ગુરૂ...

બ્રહ્માદિક સનકાદિક સરખા, પ્રેમે કરતા ગુરૂની સેવા(૨)
મુક્તિના દાતાર ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...

સકલતિર્થ છે સદ્ગુરૂ શરણે, વેદો આપે શાખો અમને(૨)
દેવોના દેવ ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...

અધમ ઉધ્ધારણ પતિતપાવન, ભક્તજનોને ભવજળ તારણ;
દિન દયાળું ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...

સદ્ગુરૂ શરણું જે જન સેવે, જન્મ મરણનું દુઃખ નહિ તેને(૨)
મોહવિનાશક ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...

નરસિંહ ગુરૂના ગુંણલા ગાતાં, શ્રુંતિ સ્મૃતિ શરમાતાં(૨)
ગુંણાતિત ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...



(સાખી)

**હું કોણ છું ક્યાંથી આવ્યો, શું છે મારૂ સ્વરૂપ,**
**નરસિંહ નિજાત્માને જાણતાં, ટળે જન્મ મરણનું દુઃખ.**

## ૨. તારા સ્વરૂપને તું જાણ,

**(રાગ : તેરે દ્વાર ખડા ભગવાન...)**

તારા સ્વરૂપને તું જાણ, હે જીવ કોણ ને ક્યાંથી (૨)
તું જાગીને વિચાર, તારા ઉગડે મોક્ષ દ્વાર;
હે જીવ કોણને ક્યાંથી (૨)...તારા.....

પાંચ તત્ત્વનો દેહજ તારો, જુંઠો ને જડ જાણો
મન,બુધ્ધિ,ઈન્દ્રિય પ્રાણો; તેથી તું છે ન્યારો રે (૨)
તું ભૂલી ગયો નિજ ભાન, બનીયો માયામાં મસ્તાન;
હે જીવ કોણને ક્યાંથી (૨)...તારા.....

સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલી, ભૂત થઇ કયાં ભમતો
દેહ તણા અધ્યાસો બાંધી, દુઃખમાં ગયો ડૂબી રે... (૨)
તું મૂકી દે દેહના કોડ, તો તું પામે પદ અજોડ
હે જીવ કોણને ક્યાંથી (૨)...તારા.....

ભેદ જ્ઞાનની ભક્તિ કરતાં, કંઇક જનમ વિતાવ્યા
દેહાધ્યાસની ભક્તિ એતો, એકડા વિનાના મીંડારે..(૨)
તું લે જે સદ્‌ગુરૂ શાન, તુંજને થાયે તારુ ભાન;
હે જીવ કોણને ક્યાંથી (૨)...તારા.....

અજર અમર તું અવિનાશી શુદ્ધ સ્વયં પ્રકાશી
નરસિંહ નિજ સ્વરૂપને જાણી, જન્મ મરણ દે ટાળી રે (૨)
તું નિર્ભય નિર્વીકાર, વ્યાપક સઘળે બ્રહ્મ અપાર
હે જીવ કોણને ક્યાંથી (૨)...તારા.....



(સાખી)

**અજર અમર આત્મા, શુદ્ધ સ્વયં પ્રકાશ,**
**જન્મ મરણ દેહને, આત્મા સદા અવિનાશ.**

## ૩. બહાર ભટકવા જઈશ મા.

**(રાગ : જેવો તેવો પણ તારો...)**

શોધી લે નિજ આત્મા, બીજું કાંઇ શોધમાં;
કાયા કેરા કોટમાં, બીજું કોઇ શોધમાં;

જુંઠા જગના જુંઠા દાવા, છોડી બેસો અંતર ઝીલવા;
ઘટમાં વહેતી ગંગા, બહાર ભટકવા જઇશ મા.
શોધી લે....

મૃગ નાભિમાં ભરી કસ્તુરી, શોધે જગમાં ઘાસ જ ગંદી
કરીલે શુદ્ધજ્ઞાન ચેતના, બહાર ભટકવા જઇશ મા
શોધી લે....

કાષ્ટમાં જેમ અગ્નિ છૂપો,
પુષ્પમાં જેમ સુંવાસ સૂંઘો;
તેમ આતમ જાણજે તુંજમાં, બહાર ભટકવા જઇશ મા
શોધી લે....

નરસિંહ સદ્‌ગુરૂ શાને સમજી
સચ્ચિદાનંદ સ્વારૂપને પરખી;
રહેજે નિજ સ્વરૂપમાં, બહાર ભટકવા જઇશ મા.
શોધી લે....

(સાખી)

**દેહની રાખ પર બેસીને, નરસિંહ પીધી પીયાલી;**
**અલમસ્ત આતમ દશા, દુનિયા શું જાણે દિવાની.**

## ૪. આપણા અલખનાં છોરુ..

**(રાગ : જોડે ના બેસીયે વીરા...)**

આપણ અલખનાં છોરુ, કાયા માયાનું છોરુ,
સંગેના રહીયે... આપણ....
સંગેના રહીયે વિરા, સ્વરૂપે રહીયે; આપણ....

કાયા જન્મેરે કાયા, આવેને જાવે,
તેના સંગાથે શીદને, ફરીયે ઓ વિરા મારા,
સંગેના રહીયે... આપણ....

અખંડ અવિનાશી નિજ, સ્વરૂપ ચૂકી ને,
અવિદ્યાના ચાકડે ના, ચડીયે ઓ વિરા મારા,
અજર અમર બ્રહ્મ, સ્વરૂપે ઠરીને,
સંગેના રહીયે... આપણ....

કાળનાં ઉતારીયે, પાણી ઓ વિરા મારા;
દાસ નરસિંહ સદ્ ગુરૂજીના શરણે,
નિજ દેદારે ડૂંબી, રહીયે ઓ વિરા મારા;
સંગેના રહીયે... આપણ....



(સાખી)

**નરસિંહ ગુરૂ કૃપા થતાં, થયું સ્વરૂપનું ભાન,**
**ત્રિકાળ એક હું આત્મા, રહું સ્વરૂપે સભાન.**

## ૫. આજ રે ગુરૂજી મૂંજને...

**(રાગ : રામ સભામાં અમે રમવાને ગ્યાંતા...)**

આજરે ગુરૂજી મૂંજને શાને સમજાવ્યો
અવિદ્યાનો પાટો મારો
છોડચો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;... આજરે...

અમૃત રસ કેરો પ્યાલો રે પાયો
ત્રિવિધી તાપ મારો
ટાળ્યો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;... આજરે...

દેહ નહિ રે મૂંજને દેહાતિત કિધો
મ્યાન તલવાર જેમ
ન્યાળો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;... આજરે...

અજર અમર બ્રહ્મ સ્વરૂપ સમજાવ્યું
દૃષ્ટિનો દૃષ્ટા
દરશાયો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;... આજરે...

દાસ નરસિંહ સદ્ગુરૂજીના શરણે
નિજ દેદાર દર્શન
પાયો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;... આજરે...

(સાખી)

**સદ્ગુરૂ દેવે દયા કરી, અમર બાદશાહી આપી છે,**
**નરસિંહ સુખને શુ કહે, આ તો સ્વરૂપ શહેનશાહી છે.**

## ૬. સદ્ગુરૂ એ આપ્યાં રૂડાં જ્ઞાન

**(રાગ : ઉંચી નીચી સરોવરીયાની પાળ...)**

સદ્ગુરૂ એ આપ્યાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન...

જ્ઞાને રે નિહાળ્યાં નિજ રૂપ ને હોજી....
કાયાગઢનાં ખૂલ્યાં રે કમાડ, સંતો રે ભાઈ (૨)
ઓળખાણો કરાવી અમર લોકની હો જી,
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ

ગુરૂગમના ઉડયારે ગુલાલ, સંતો રે ભાઈ (૨)
મનવો રંગાયો બ્રહ્મ રંગમાં હો જી,
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ

જડ દેહના છૂંટયારે ગુમાન, સંતો રે ભાઈ (૨)
ચેતન સ્વરૂપમાં શુંરતી મલી હો જી,
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ

પીયુ સંઘે પરણે માણે માંજ, સંતો રે ભાઈ (૨)
કુંવારી બાળે કૂણાં કાળજાં હો જી
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ

દુંબળા દિલના દુબળા જન હોય, સંતો રે ભાઈ (૨)
દેદાર દરિયા ઝીલે નહિ હોજી
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ

શુંરા પુરાને ચડે સાચો રંગ, સંતો રે ભાઈ (૨)
માથારે મૂકીને માંજો કરે હો જી
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ

દાસ નરસિંહ ગુરૂ ગમે ગાય, સંતો રે ભાઈ (૨)
દેહોની દલાલી દેહોમાં મલ્યા હો જી
સદ્ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ



(સાખી)

**સદ્ગુરૂ દેવે દયા કરી, દિધા નિજ દેદાર,**
**જન્મ મરણ વ્યાપે નહિં, પ્રકટ પદ નિરવાણ.**

## ૭. આજ મારાં દેદાર દરસ્યાં રે હો...

**(રાગ : ભાગ્ય મારાં ભલાં જાગ્યાં રે હો...)**

આજ મારાં દેદાર દરસ્યાં રે હા.... હો....
હેજી મારા સદ્ગુરૂના પ્રતાપ મારા વિરારે
પુરારે પદ પાયા.... આજ....

હે જી મારા પુરા ગુરૂ પ્રતાપ મારા વિરારે
પુરારે પદ પાયા.... આજ....

ગુરૂ દેવે દયા કિધી રે હા... હો....
હે જી બતાવ્યો મૂળ મુકામ મારા વિરા રે
પુરારે પદ પાયા.... આજ....

કાયા માયાની પાર બ્રહ્મ રે હા... હો...
હે જી પદએ બાવન બ્હાર મારા વિરા રે
પુરારે પદ પાયા.... આજ....

જન્મ મરણ વ્યાપે નહિ રે હા.... હો....
નહિ કાળનો માર માર વિરા રે
પુરારે પદ પાયા.... આજ....

દાસ નરસિંહ દેદાર ડૂંબે રે હા.... હો....
પાવે પદએ નિરવાણ મારા વિરારે
પુરારે પદ પાયા.... આજ....

(સાખી)

**સદ્ગુરૂની દયા થતાં, થયું સ્વરૂપનું ભાન**
**દેહભાવ છૂંટી જતાં, છૂટયાં આવાગમન.**

## ૮. ગુરૂની ગમ વડે આજ.

**(રાગ : ભાગ્ય મારાં ભલાં જાગ્યાં રે હો...)**

ધન્ય ભાગ્ય સદ્ગુરૂ મળીયા રે હા.... હો....
હેજી પામ્યો સચ્ચિદાનંદ સ્વરૂપ મારા વિરારે
ગુરૂની ગમ વડે.... ધન્ય....

જ્ઞાન અંજન ગુરૂએ આંજ્યાં રે હા... હો...
હે જી ઉતરર્યા આંખના પડોળ મારા વિરારે
ગુરૂની ગમ વડે.... ધન્ય....

દેહથી મારે સ્નેહ તૂંટયો રે હા... હો...
હે જી વૃત્તિ વહે સ્વરૂપ માંય મારા વિરારે
ગુરૂની ગમ વડે.... ધન્ય....

આનંદ સાગર ઉર ભરીયા રે હા... હો....
હેજી પામ્યો સુખ અપરંપાર મારા વિરારે
ગુરૂની ગમ વડે.... ધન્ય....

નરસિંહ નામ રૂપ મૂંકી માલ રે હા... હો....
હે જી માલે મૂળ પદની માંય મારા વિરારે
ગુરૂની ગમ વડે.... ધન્ય....





(સાખી)

**અદભૂત દશા નિજાત્માની, વિરલ સંતને વરે;**
**અષ્ટ સિધ્ધિ ચમર ઢોળે, મુક્તિ પ્રરિક્રમા કરે.**

## ૯. હે જી ભેટયા દેવોના દેવ...

**(રાગ : ભાગ્ય મારાં ભલાં જાગ્યાં રે હો...)**

આજ મૂંજને અલખ ભેટયા રે હા... હો....
હે જી ભેટયા દેવોના દેવ મારા વિરા રે
અલખ જોગી.... આજ મૂંજને...

ગુરૂ દેવે ગમ આપી રે હા... હો....
હે જી ઓળખ્યો આત્મા અભંગ મારા વિરા રે
અલખ જોગી.... આજ મૂંજને...

અજર અમર જુંના જોગી રે હા... હો....
હે જી પરખે પુંરા ગુરૂનાં બાળ મારા વિરા રે
અલખ જોગી.... આજ મૂંજને...

નથી જન્મો કે નથી મરતો રે હા... હો....
હે જી નથી આવ્યો કે જનાર મારા વિરારે
અલખ જોગી.... આજ મૂંજને...

સચરાચરમાં સભર ખેલે રે હા... હો....
હે જી નરસિંહ નિરખી થઇ ગયો ન્યાલ મારા વિરારે
અલખ જોગી.... આજ મૂંજને...



(સાખી)

**પ્રત્યક્ષને પરખો, પરોક્ષની મુકો વાત,ત**
**નરસિંહ સાંદો રોકડો, નહિ કાલની વાત.**

## ૧૦. તું ભરી જાને બ્રહ્મમાં.

**(રાગ : રંગાઈ જાને રંગમાં...)**

તું ભરી જાને બ્રહ્મમાં, તું ભરી જાને બ્રહ્મમાં
ગુરૂ દેવના સત્‌સંગમાં, તું નિરખને ઘટઘટમાં
તું ભરી જાને બ્રહ્મમાં...

જીવ થઈ તું જગમાં ભટકે, સુખ શોધે છે પરમાં
નથી સુખ પરમાં, સુખ સ્વરૂપમાં(૨)
શીદને ભટકે ભવમાં... તું ભરી જાને...

નથી તું દેહ, નથી તું દેહી, તું છે દેવ આ દેહમાં
નથી તું જીવ, તું છે શિવ (૨)
સર્વજ્ઞ રમતો સૌ માં... તું ભરી જાને...

અજર અમર તું છે આતમ, ઠરી જાને નિજરૂપમાં
સચ્ચિદાનંદ સ્વરૂપ તારૂ (૨)
વ્યાપક ચૌદે ભુવનમાં... તું ભરી જાને...

નરસિંહ નિજ સ્વરૂપે રહીને, નિર્ભય માંજો માણો
પ્રકટ પદને પરખી લઈને (૨)
માલો સદા મહા પદમાં.. તું ભરી જાને...





(સાખી)

**સદ્‌ગુરૂ પ્રકટ પરમાત્મા, સદ્‌ગુરૂ તારણ હાર;**
**નિજ ભક્તોને તારવા, જગમા ધર્યો અવતાર.**

## ૧૧. ગુરૂને ગોવિંદ રૂપ માનીયે રે લોલ...

**(રાગ : વાલો રીઝે છે સાચા ભાવથી રે લોલ...)**

ગુરૂ ને ગોવિંદ રૂપ માનિયે રે લોલ
સદ્‌ગુરૂ પ્રકટ ભગવાન જો;
ગુરૂના પાવલીયાં ધોઇ પીજીયે રે લોલ
ગુરૂ બ્રહ્મા સ્વરૂપ છે રે લોલ.... ગુરૂ ને...

સદ્‌ગુરૂ વિષ્ણું સ્વરૂપ જો,
ગુરૂનાં પાવલીયાં ધોઇ પીજીયે રે લોલ
ગુરૂ શિવ સ્વરૂપ છે રે લોલ.... ગુરૂ ને....

સદ્‌ગુરૂ દેવા ધી દેવ જો,
ગુરૂનાં પાવલીયાં ધોઇ પીજીયે રે લોલ
સઘળા તિર્થો ગુરૂ ચરણમાં રે લોલ.... ગુરૂ ને...

પાપી પાવન થઇ જાય જો,
ગુરૂનાં પાવલીયાં ધોઇ પીજીયે રે લોલ
સાચા ભાવે ગુરૂને સેવતાં રે લોલ.... ગુરૂને...

જન્મ મરણ ટળી જાય જો,
ગુરૂનાં પાવલીયાં ધોઇ પીજીયે રે લોલ
નરસિંહ સર્વજ્ઞ ગુરૂ દેવ છે રે લોલ... ગુરૂ ને...

ગુરૂ સાક્ષાત્ પરબ્રહ્મ જો,
ગુરૂનાં પાવલીયાં ધોઇ પીજીયે રે લોલ
ગુરૂ ને ગોવિન્દ રૂપ માનિયે રે લોલ.

(સાખી)

**દેહ વિનાની દેદાર દશા, પ્રગટ પદ ભગવાન;**
**નરસિંહ સ્વયં સ્વરૂપનાં, શાં કરે વખાણ,**

## ૧૨. હંસા પ્રગટ દશા પુરાં સંતની

**(રાગ : હંસા નયન ઠરે ને નાભી હસે...)**

હંસા પ્રગટ દશા પુરા સંતની
શુદ્ધાત્મા સ્વયં ભગવાન, પ્રગટ દશા સંતની... હંસા...

હંસા દેહ રે વિનાની દેદાર દશા
પામે લાખ કરોડે કોક, પ્રગટ દશા સંતની... હંસા...

હંસા અદ્વૈત સ્વરૂપે અંખડ રહે
જેના હૈયે હરિ પ્રકટયા હજુર, પ્રગટ દશા સંતની... હંસા...

હંસા પરોક્ષના પારિયા પૂંજે નહિ
દ્વૈતના ડુંગરે કરે નહિ વાસ, પ્રગટ દશા સંતની... હંસા...

હંસા હોમ હવન હજ કોનાં કરે
જેના સ્વયં સ્વરૂપે વાસ, પ્રગટ દશા સંતની... હંસા...

હંસા ભૂપ રે હોય તો ભીખ માગે નહિ
ભીખ માગે તો જાણીયે ભાંડ, પ્રગટ દશા સંતની... હંસા...

હંસા દાસ નરસિંહ દેહાતિત રહે
જેવી મ્યાન વિનાની તલવાર, પ્રગટ દશા સંતની... હંસા...
હંસા પ્રગટ દશા પુંરા સંતની.



(સાખી)

**હું શુધ્ધ છું હું બુધ્ધ છું, કેવલ જ્ઞાન સ્વરૂપ છું**
**મન બુદ્ધિને ઈન્દ્રીયોથી, આત્મા સદાયે પર છું.**

## ૧૩. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું.

**(રાગ : જેના મુખમાં રામનું નામ નથી...)**

હું શુદ્ધાત્મા સનાતન છું, હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું,
હું અજર અમર અનાદિ છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

હું પૂર્ણ મિદમ્ સદા પૂર્ણ છું, હું સ્વયંપ્રકાશી સર્વાત્મા છું.
હું પૂર્ણ બ્રહ્મ પરમાત્મા છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

હું મુક્તાત્મા સદા મુક્ત છું, હું નિર્ગૂર્ણ નિર્વીકાર જ છું.
હું અકાળ અવિચળ આત્મા છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

હું અખિલ બ્રહ્માંડનો પ્રકાશક છું, હું પ્રકટ સદા પુરાતન છું
હું વિશ્વંભર વિશ્વાત્મા છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

દાસ નરસિંહ સ્વરૂપ મસ્ત છું હું અલખ નિરંજન આત્મા છું
હું સર્વજ્ઞ સચરા ચર છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

(સાખી)

***પ્રગટ દશા તે મુનિ પણું, તે ગુરૂ ભગવંત્ ;***
***નરસિંહ દેહાતિત દશા, નિજ સ્વરૂપે આરૂઢ.***

## ૧૪. પ્રકટ સ્વરૂપમાં હો.

**(રાગ : હરિના નામનો હો...)**

પ્રગટ સ્વરૂપમાં હો, પુરા સંત માલતાં;
સ્વયં સ્વરૂપમાં હો, શુરા સંત માલતા.

હું ને મારૂ હોમતા, તુંનાં તિમિર ટાળતા;
ભીતર ભાણે ઉગે, ચૌદ લોકે ભારતા.

પૂર્ણ પ્રકાશમાં હો, પુરા સંત માલતા;...પ્રકટ...

વધે કે ઘટે નહિં. ખર્ચ્યું કદિ ખૂટે નહિ;
પૂર્ણમિદમ્ પૂર્ણ સદા, અલ્પ કદિ થાય નહિ.

અખંડ સ્વરૂપમાં હો, પુરા સંત માલતા;.... પ્રકટ....

નરસિંહ નિજાનંદે રહે ધારાના ધોધ વહે
દ્વૈતનો દાટ વાળી અદ્વૈત સ્વરૂપે રહે

નિજ દેદારમાં હો, પુરા સંત માલતાં;... પ્રકટ





(સાખી)

***અમર વિદ્યાનો અખૂટ ખજાનો, માથા સાટે લાવ્યો છું;***
***મલે જો કોઈ મરજીવા તો, મફત આપવા આવ્યો છું.***

## ૧૫. હેલી પ્રગટની વાતો

**(રાગ : હેલી આરે ચોગડીયા લાભનાં...)**

હેલી પ્રગટની વાતો દુનિયા શું જાણે
નેતિ નેતિ ગાવે વેદ વાણી રે, પુંરાણ ભરે પાણી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી સ્વયં સ્વરૂપની સ્વયં ધારા
સ્વયં શિવ સ્વરૂપે ઉભરાણી રે, પરાપાળની લ્હાણી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી અદ્ભૂત દશા રે અદ્ભૂત ધારા
હિમાલય જેવા જાય ડોલી રે, બ્રહ્માંડ નાખ્યાં ફોડી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી દેહ રે વિનાની દુર્લભ દૌલત
આતો માંથા વિનાની કમાણી રે, મરજીવે માંજે માંણી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી વિનારે ઇંધણ ભાવ ભભૂંકી રહ્યો
વિના તેલની અખંડ જયોતિ રે, નરસિંહ લાવ્યો ગોતી રે
દુનિયા શું જાણે. હેલી...



(સાખી)

**માનવ જન્મ સફળ થયો, સફળ જનનીનો ખોળો;**
**નરસિંહ ન્યાલ થઈ ગયો, ભગવાન થયો ભેરો.**

## ૧૬. ગુરૂજીના જ્ઞાન હૈયે ધરીયે રે..

**(રાગ : તારી રે આશાએ અમે રહીએ રે જગમાં...)**

ગુરૂજીના જ્ઞાન હૈયે ધરીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે;
દેહ મૂકીને દેદારે રહીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે.

સદ્ગુરૂ અંતર જયોતિ જગાવી
અવિધ્યા પડત દીધાં હટાવી
નિજ સ્વરૂપે ઠરીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે;
ગુરૂજીનાં....

દ્રષ્ટિની પાછળ દ્રષ્ટા છે ઉભો
દેહની પાછળ દેવ મેં દીઠો
નયનાં ખોલીને ન્યાલ થઈયે રે બ્રહ્મ ખેલે બ્રહ્માંડે;
ગુરૂજીનાં....

ઘાટની પાછળ અઘાટી છે ઉભો
કનક કુંડલ ના ભાગ્ય છે ભેદો
અવઘટ ઘાટે રહીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે;
ગુરૂજીનાં....

દાસ નરસિંહ સદ્ગુરૂજીના જ્ઞાને
બ્રહ્મ વિના બીજું કોઈના ભાળે
પ્રકટ પદમાં રહીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે;
ગુરૂજીનાં....



(સાખી)

**હું સત્ય છું ચિત્ત છું, છું આનંદ સ્વરૂપ;**
**અસ્તી ભાતી ને પ્રીય રૂપે, સઘળે મારૂ સ્વરૂપ.**

## ૧૭. સચ્ચિદાનંદ તું પોતે

**(રાગ : સદ્ગુરૂ આદિ અનાદિ...)**

સચ્ચિદાનંદ તું પોતે, નિજ સ્વરૂપે રહેજે
પરમાં પ્રભું કયાં ગાતે, નિજ સ્વરૂપે રહેજે
અખિલ બ્રહ્માંડનો નાથ તું આતમ
અજર અમર ને શુદ્ધ સનાતન
જડ આગળ જઈના રોઝે, નિજ સ્વરૂપે રહેજે;
સચ્ચિદાનંદ તું પોતે....

બ્રહ્માંડ આખું બ્રહ્મથી શોભે
વિશ્વમાં વિશ્વંભર પોતે
શુરતી સ્વરૂપમાં દેજે, નિજ સ્વરૂપે રહેજે;
સચ્ચિદાનંદ તું પોતે....

દેહ વિનાશી તું અવિનાશી
ચેતન સદા શિવ સુખનો રાશી
દેહાત્મ બુધ્ધિ ખોજે, નિજ સ્વરૂપે રહેજે;
સચ્ચિદાનંદ તું પોતે....

દાસ નરસિંહ નિજાનંદનો લ્હેરી
ગુરૂ ગમે અગમ ઘર ગયાં ખૂલી
સ્વરૂપ સુખ લાધ્યું સ્હેજ, નિજ સ્વરૂપે રહેજે;
સચ્ચિદાનંદ તું પોતે....

(સાખી)

*જગત માને યા ન માને, તેની મને પરવા નથી.*
*હું છે, અવિચળ આત્મા, તેમાં મને શંકા નથી.*

## ૧૮. પ્રગટ ખેલે નર બંકા

**(રાગ : કહ્યું માનીને હવે જાગો રે સંતો...)**

પ્રગટ ખેલે નર બંકા રે સાધુભાઈ, પ્રગટ ખેલે નર બંકા,
ચૌદે ભુવનમાં નિર્ભય ખેલે(૨)
નિર્ભય વાગે જેના ડંકારે, સાધુભાઈ.
પ્રગટ ખેલે નર બંકા....

કાયામાયાથી પર થઈ ખેલે, અદ્વૈત અખંડ ધારા,
સ્વયં પદમાં હરદમ માલે (૨)
નિર્ગુણ નિર્વીકારા રે, સાધુભાઈ
પ્રગટ ખેલે નર બંકા....

ચંદા સૂરજ આરતિ ઉતારે, ઉતારે નવલખ તારા
દેવી દેવતા દર્શને આવે(૨)
નિર્લેપ નિરાધાર રે સાધુભાઈ
પ્રગટ ખેલે નર બંકા....

મૃત્યુને મારી અભય પદ પાયા, જખ મારે જમ કાળા
દાસ નરસિંહ નિજ દેદારે (૨)
સભર સ્વરૂપ હમારા રે સાધુભાઈ
પ્રગટ ખેલે નર બંકા....



(સાખી)

***હરિ હર જેનું ધ્યાન ધરે, મુનિ જપે અઠ્યાસી હજાર;***
***નરસિંહ તે ઘટમાં વસે, તું શિદને ફરે છે બહાર.***

## ૧૯. આતમનું અજવાળું

**(રાગ : દિવડા વિનાનું અંધારું...)**

આતમનું અજવાળુ મંદેરિયામાં, આતમનું અજવાળુ
તમે જુવોને સ્વરૂપ તમારું, મંદેરિયામાં આતમનું અજવાળુ
સ્થૂલ સૂક્ષ્મને કારણ માંહી આતમનું અજવાળું
આતમનું....
પરા પશ્યન્તિ મધ્ય વૈખરીમાં વરસે(૨)
તાંય બાવનથી બારૂ, મંદિરયામાં આતમનું અજવાળું
આતમનું....
શિવ સનકાદિક ધ્યાન ધરે છે બ્રહ્મા એ વેદમાં વખાણું
વિષ્ણું વ્યાપક પદમાં રહીને (૨)
સ્વયં પદ શોભાયુ, મંદિરયામાં આતમનું અજવાળુ
આતમનું....
વૃક્ષમાં બીજ, બીજામાં વૃક્ષ, છતાંય તત્ત્વ નિરાલું
પરમતત્ત્વ કોઈ વિરલા પરખે (૨)
જેનું ખુલ્યું અંતરનું તારું, મંદિરયામાં આતમનું અજવાળુ
આતમનું....
શુરાને શુરાતન ચડે, સતિને સત્ય ચડવાનું
નુંગરા નરને બોધના લાગે (૨)
શઠને શું કહેવાનું, મંદિરયામાં આતમનું અજવાળુ
આતમનું....
બ્રહ્માંડ આખું બ્રહ્મથી ગાજે, ઠામ નહિ કોઈ ઠાલું
ગુરૂ ગમી કોઈ પ્રકટ પરખે (૨)
દાસ નરસિંહનું નજરાણું મંદિરયામા
આતમનું....

(સાખી)

**ભવરોગની ઔષધિ નરસિંહ આતમ જ્ઞાન**
**બીજા સાધન બહું કરો પણ પામો નહિં નિરવાણ.**

## ૨૦. કોઈ ઘેલી રે દુનિયાને

**(રાગ : અમે નિસરણી થઈને જગમાં ઉભારે...)**

કોઈ ઘેલીરે દુનિયાને ઘેર લાવો રે જી,
ઓળખાવો એને આત્મા હો જી.
પેલા ભૂલ્યાને મારગડા બતલાવો રે,
ઓળખાવો એને આત્મા હો જી.... કોઈ....

કાયા ગઢનો દેવ ભૂલીજી,
દુનિયા રહી પથરાને પુંજી,
પોતે ડૂબે તે કેમ કરીને તારે રે
ઓળખાવો એને આત્મા હો જી.... કોઈ....

ભૂંખ્યાને નહિં કોઈ ભોજન આપે જી,
પથ્થર આગળ પકવાન ધરે
કહો પથરા પકવાન કેમ ખાશેરે
ઓળખાવો એને આત્મા હો જી.... કોઈ....

જડ ચરણે માથું મૂકેજી ચૈતનથી વેર બાંધે,
કહો કયારે જાુંગોમાં ભાગ્ય એનાં જાગેરે
ઓળખાવો એને આત્મા હો જી.... કોઈ....

જીવતા બાપની સેવા ન કરે જી,
મુંવે હાડ ગંગામાં પધરાવે
શ્રાધ કરેને કાગડા બોલાવેરે
ઓળખાવો એને આત્મા હો જી.... કોઈ....

સકલ જગ એક બ્રહ્મ રમતો જી,
ભેદી લોકો ભૂલ્યા ભમતા
નરસિંહ સત્યના મારગડા બતાવ્યારે
ઓળખાવો એને આત્મા હો જી.... કોઈ....



(સાખી)

**નરસિંહ નિજઘર પામતાં, છૂંટી રખડ પટી;**
**કહેવું અને કથવું મટયું, સ્હેજે પાઈ મુક્તિ.**

## ૨૧. અમે ગાડાં રે જોડીને

**(રાગ : અમે નિસરણી થઈને જગમાં ઉભારે...)**

અમે ગાડાં રે જોડીને ઘરે ચાલ્યા રે, સાથીડા કોઈ આવજો હોજી,
અમે પરવારીને પંથે પડયા રે, પંથીડા કોઈ આવજો હોજી.

જુઠા જગની જુઠી માયા, એવું સમજીને થયા વ્હેલા,
અમે મુક્તિના મારગડા ઝાલ્યા રે, સાથીડા કોઈ આવજો હો જી.

દુનિયા પંખીનો મેળો, વિખરાય માંડો કે વહેલો,
તે પહેલાં અમે પૈથે પડ્યા રે, સાથીડા કોઈ આવજો હો જી.

ગુરૂગમનાં ગાડાં મારાં, જ્ઞાન વૈરાગે મઢિયાં,
સત્ય ધર્મના ધોળીડા મેં જોડયા રે, સાથીડા કોઈ આવજો હોજી.

અસલ ઘરની વાટે જાતાં, દેહ દુનિયા મુકયા પડતાં,
નરસિંહ નિજ સ્વરૂપમાં મલવા રે, સાથીડા કોઈ આવજો હોજી.
અમે ગાડાં રે જોડીને ઘેર ચાલ્યા રે....



(સાખી)

**સ્વયં સ્વરૂપની શહનશાહી સદ્ગુરૂ દેવે સોંપી છે;**
**નરસિંહ ઝાઝુ શું કહે આતો અમર બાદશાહી છે.**

## ૨૨. જેન ગુરૂજી મલ્યા બ્રહ્મજ્ઞાની રે

**(રાગ : અમે નિસરણી થઇને જગમાં ઉભારે...)**

જેને ગુરૂજી મલ્યા બ્રહ્મ જ્ઞાની રે
પુરાંરે તકદીર જાણીયે હો જી
જેની વૃત્તિ અખંડ સ્વરૂપે ધ્યાનીરે
છેલ્લારે ફેરા જાણીયે હો જી. જેને....

દેહભાવ છૂંટયો જેનો ભવ રોગ મટયો એનો
જેના જીવ-શિવના ભેદ ભાગ્યારે
પુરારે તકદીર જાણીયે હો જી. જેને....

જગથી ઉપરામ વૃત્તિ, હરદમ તૂર્યામાં શુંરતી
જે દેહ છતાંય વિદેહીરે
પુંરારે તકદીર જાણીયે હો જી. જેને....

સચ્ચિદાનંદ સ્વરૂપ પાતાં, જન્મ મરણ ટળી જતાં
નરસિંહ નિર્ભય પદને પાતાં રે
પુંરારે તકદીર જાણીયે હો જી. જેને....





(સાખી)

**ખૂલ્યાં દ્વાર અલખનાં, ખૂલી બ્રહ્મની ખડકી;**
**નરસિંહ મસ્ત નિજાનંદે, માયા રહી ગઈ રડતી.**

## ૨૩. મારા ગુરૂજીના જ્ઞાને

**(રાગ : અમે નિસરણી થઇને જગમાં ઉભારે...)**

મારા ગુરૂજીના જ્ઞાને નિહાળ્યો રે,
યોગીડો યુગો યુગનો હોજી;
એને મઢિયે મહાપદ લૂંટાણાંરે,
મરજીવા કોઇ લુંટશે હોજી;....મારા૦

ઉંચે શીખર ગઢ, યોગી બીરાજે
એનાં દર્શન વિરલા નર પાવેરે
ધન્ય ધન્ય એના યોગને હોજી;....મારા૦

યોગીડાની મઢિયોમાં અખંડ જયોતિ
ચાંદા સૂરજ જોઇ જોઇ શરમાય રે
ધન્ય ધન્ય એના યોગને હોજી;....મારા૦

ગંગાને યમુના સરસ્વતિ નદીયો
યોગીડાનાં પાવલાં પખારી પાવન થાય રે
ધન્ય ધન્ય એના યોગને હોજી;....મારા૦

ઉત્પતિ પ્રલયથી યોગી છે ન્યાળો
નરસિંહ ભેદ એનો વિરલાનર પાવે રે
ધન્ય ધન્ય એના યોગને હોજી;....મારા૦

(સાખી)

**આપો નહિ તાપો નહિ, નહિ જગત ની છાપો;**
**નરસિંહ કેવલ આત્મા, અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્યો.**

## ૨૪. મારા ગુરૂએ ઓળખાવી મને...

**(રાગ : મેં તો પહેરી લીધો ચૂડલો તારો રે હરિ...)**

મારા ગુરૂએ ઓળખાવી મને આતમ મણી (૨)
નથી રે નજર મારી કાયા રે ભણી (૨)

સદ્‌ગુરૂ દેવે પાઈ પ્રેમ પિયાલી, અમર પિયાલી
મારા હૈયામાં ખુમારી, એની રે ચડી (૨)
નથી રે નજર મારી કાયા રે ભણી. મારા....

અજરા અમર જાણી, આતમ મણી, ચેતન મણી,
જુઠી કાયા માયાની મેં તો, હોળીયો કરી (૨)
નથી રે નજર મારી કાયા રે ભણી. મારા....

શસ્ત્રોના છેદ એને અગ્નિના બાળે, અગ્નિના બાળે,
એને જળના ભીંઝાવે, વાયુ સૂકવેના કદિ (૨)
નથી રે નજર મારી કાયા રે ભણી. મારા....

ઘટો ઘટમાં જોઈ, આતમ મણી, અખંડ મણી
હું તો હરદમ મસ્તાનો નથી જગતી પડી (૨)
નથી રે નજર મારી કાયા રે ભણી. મારા....

ધન્ય ધન્ય ગુરૂ મલ્યા બ્રહ્મ જ્ઞાની, પૂરા બ્રહ્મ જ્ઞાની
દાસ નરસિંહને શાયબી સાચી રે મળી (૨)
નથી રે નજર મારી કાયા રે ભણી. મારા....



(સાખી)

**નરસિંહ ભાગ્ય ભલાં તારાં, પૂન્યના હશે પોબાર;**
**પ્રકટ સ્વરૂપે પ્રભુ મલ્યાં, સફળ થયો અવતાર.**

## ૨૫. આજુંનો દિન મારે...

**(રાગ : મેં તો પહેરી લીધો ચૂડલો તારો રે હરિ...)**

આજુંનો દિન મારે ઉગ્યોરે અજોડ (૨)
ભેટ્યારે અલખ એ ઘડીયો અણમોલ (૨)
જગતનું સ્વપ્નું ગયુંરે સમાઇ, ગયું રે સમાઇ
જાગી જીવન જ્યોત એતો, અખંડને અડોલ (૨)
ભેટયા રે.... આજું નો......

દેહથી ન્યાળાં મેં, નિરખ્યાં દેદારને (૨)
મારી વૃત્તિ સ્વરૂપમાં કરે રે કિલોલ (૨)
ભેટયા રે.... આજું નો......

ધારાના ધોધ મારે હૈયે રે ઉભરાણા (૨)
તેનું સુખ છે અણતોલ બની વાણીરે અબોલ (૨)
ભેટયા રે.... આજું નો......



રોગ ગયા, ભોગ ગયા, કાળ ગયો ભાગી (૨)
નરસિંહ થયું નિજ ભાન હવે ચૂકું નહિ દોર (૨)
ભેટયા રે અલખ એ ઘડીયો અણમોલ
ભેટયા રે.... આજું નો......

(સાખી)

મન નહી બુધ્દિ નહિ, નહિ કર્મની કૂવેશ;
નરસિંહ નિરાંતે પાંઢિયા, દેહાતિત દેશ.

## ૨૬. મન મત બનો મારી હેલી...

(રાગ : આતમ મણી ઓળખાણી...)

મન મત બનો મારી હેલી સવાગણ
મન મત બનો મારી હેલી....

જાઓ મૂળ સ્વરૂપમાં મળી સવાગણ,
મન મત બનો મારી હેલી.... મન મત....

મન રહિત થઈ મહાપદે માલો, જમડા ભરે જયાં પાણી,
અવિચળ પદ હૈ આપણાં હેલી (૨)

કયાં ભૂલે મત વાલી સવાગણ,
મન મત બનો મારી હેલી.... મન મત....

કાયા કર્મ વ્યાપે નહિ, નહિ રોગ ભોગની કહાણી,
હર્ષ શોક કયાં કરે હેલી (૨)

નહિ લાભ નહિ હાની સવાગણ,
મન મત બનો મારી હેલી.... મન મત....

દેવિ દેવતા દુભાવે નહિ, કાળ શકે નહિ ઘેરી,
નરસિંહ મસ્ત બની ગયો હેલી (૨)

ગુરૂ મલ્યા બ્રહ્મજ્ઞાની સવાગણ,
મન મત બનો મારી હેલી.... મન મત....



(સાખી)

ખૂબ ખ્યાલ કરવા છતાં, દેહ ભાવ વણસી જાય છે;
નરસિંહ નિજ સ્વરૂપમાં, વૃત્તિ ડૂબી જાય છે.

## ૨૭. દેહ છતાં વિદેહી મારા...

(રાગ : હવે ફરી નહિ આવું મારા હરિજનો...)

દેહ છતાં વિદેહી મારા હરિજનો, દેહ છતાં વિદેહી રે હે હેજી.
મરણ પહેલાં મૃત્યુને મારી (૨)
કાળનાં ઉતાર્યા પાણી મારા હરિજનો;
દેહ છતાં વિદેહી....

અજરા અમર આતમ જાણી, જીવતા મુક્તિ માણીરે હે હેજી
અટલ પદમાં સ્થિર થઈ ને (૨)
અંતર જયોત જગાવી મારા હરિજનો;
દેહ છતાં વિદેહી....

દેહ અધ્યાસની બેડીયો તોડી, ભેદ મેલ્યા ભભૂંકાવી રે હે હેજી
નામ રૂપને ફૂંકી દઈને (૨)
બેઠા અગમ ગઢ ઘેરી મારા હરિજનો;
દેહ છતાં વિદેહી....

નહિ એ કર્તા નહિ એ ભોક્તા, નહિ એ ભોગી કે રોગી રે હે હે હેજી
જલ કમલ વૃત્ત જગમાં રહેતા (૨)
નિસ્પૃહ નિર્વીકારી મારા હરિજનો;
દેહ છતાં વિદેહી....

નરસિંહ નિજ પદ વિરલા પાવે, પાવે તે ફરે નહિ આવે રે હે હેજી
શુંરા પુંરા કોઈ પદ એ પાવે (૨)
જેને ગુરૂ મલ્યા બ્રહ્મ જ્ઞાની મારા હરિજનો;
દેહ છતાં વિદેહી....

## ૨૮. મંગલ દ્વારશી મહામંત્ર.

(રાગ : માનસી થાળ...)

**ૐ** નમો ભગવતે વાસુદેવાય **ૐ**
**ન**ર દેહધરી કરો, હરિનું ભજ**ન**
**મો**હ અને માયા મૂકો ક્રોધ મૂકો કાર**મો**
**ભ**ક્તિના ભંડાર ભરતાં, મુક્તિનો થાયે લા**ભ**
**ગ**રજું થઈ સદ્‌ગુરૂને સેવો, હૈયે ભરો વૈરા**ગ**
**વ**શ કરજો વૃત્તિ, સુધારજો સ્વભા**વ**
**તે**જના ભંડાર હરિ, સચરાચર વ્યાપક **તે**
**વા**ણી વેદની વિચારો, હરિને પામ**વા**
**સુ**ખ આપે સદ્‌ગુરૂ લૂંસે ભવનાં આં**સુ**
**દે**દાર દરશાવે ગુરૂ, નામ રૂપને ફૂંક **દે**
**વા**ણી પરની ૐ, જપો ભવ છેદ**વા**
**ય**જ્ઞ પુરૂષ હરિ, વરસે ઘટોઘટ માં**ય**
**ૐ** નમો ભગવતે વાસુદેવાય **ૐ**



(સાખી)

*સદ્‌ગુરૂ દેવે દયા કરી, અમર બાદશાહી આપી છે;*
*નરસિંહ સુખને શું કહે, આતો સ્વરૂપ શહેનશાહી છે.*

## ૨૯. અલખ ફકીરી મેંતો ગુરૂ ગમે લીધી...

(રાગ : રામ સભામાં અમે રમવાને ગ્યાંતા......)

અલખ ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
ફકીરીની ભરી મેં તો કાફી ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
અલખ ફકીરી મેં તો....

તૃષ્ણા તરીયાને મેં તો પીયર વળાવી
માયાને પરિવાર મૂંક્યો વારી, ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
અલખ ફકીરી મેં તો....

સત્યની સાદર ગુરૂગમ, ધેરૂથી રંગી
અદ્વૈત દંડો કરમાં ઝાલી, ફકીરી મેં તો ગુરૂગમે લીધી
અલખ ફકીરી મેં તો....

નિજ લક્ષ્યની મેં તો, લંગોટી પહેરી
કેવલ કમંડળે વૃત્તિ ધારી, ફકીરી મેં તો ગુરૂગમે લીધી
અલખ ફકીરી મેં તો....

સ્વરૂપ દૂંશાલે નરસિંહ સુખીયો સદાનો
મહાપદમાં મઢિયો હમારી ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
અલખ ફકીરી મેં તો....



(સાખી)

**અમર વિદ્યાનો અખૂંટ ખજાનો, માથા સાટે લાવ્યો છું;**
**મલે જો કોઈ મરજીવા તો, મફત આપવા આવ્યો છું.**

## ૩૦. જ્ઞાન ગુલાલો ગુરૂ ગમના...

**(રાગ : રામ સભામાં અમે રમવાને ગ્યાંતા....)**

આજ ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો
જ્ઞાન ગુલાલો ગુરૂગમના ગુલાલો
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

સદ્ગુરૂ મલીયા મારા સંશય ટરીયા
ભ્રાન્તીના ખૂલ્યા મારાં તારાં
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

અંતર રંગાણું મારૂ બ્રહ્મ સ્વરૂપમાં
આનંદની ઉડે મારે છાંળો
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

અનેક ટળ્યાને મારે એક ઓળખાંણા
એકમાં અનેક સમાયા
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

દાસ નરસિંહ બેઠા સદ્ગુરૂ શરણે
મુક્તિના મારગ અમને મલીયા
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....





(સાખી)

**નરસિંહ જેને શોધવા, ફરી વળ્યો સૌ દેશ**
**તે તો તે પોતે ઠર્યો, સદ્ગુરૂ દીયો ઉપદેશ.**

## ૩૧. સ્વરૂપ સમજાણું મૂજને...

**(રાગ : રામ સભામાં અમે રમવાને ગ્યાંતા...)**

સ્વરૂપ સમજાણું મૂજને સદ્ગુરૂ શરણે
સુખના સાગર મારે હૈયે સોહાગી શૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

તપરે કરતાં મારાં તનડાં સુંકાણાં
વૃત્તોમાં વર્ષો ગૂમાવ્યાં સોહાગી શૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

તિર્થે ફરવાની મારે ટેકોરે ઝાઝી
તાંય ત્રિકમ નયને ના આવ્યા સોહગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

દયાના સાગર જ્યારે સદ્ગુરૂ મલીયા
તિમિર ટળ્યાને વાયાં વાહણાં સોહગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

ભ્રાન્તી ભાગીને બ્રહ્મ સ્વરૂપ સમજાવ્યું
નિજ સ્વરૂપ ઓળખાયાં સોહગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

નરસિંહ વગાડે આજે નિર્ભય નગારાં
અલખ પુરૂષના અખારે સોહાગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

(સાખી)

મન નહી બુધ્ધિ નહિ, નહી કર્મની કૂવેશ;
નરસિંહ નિરાંત પાંઢિયા, દેહાતિત દેશ.

## ૩૨. ઓ જીવલડા જાગી જો...

**(રાગ : ઓ જીવલડા જીવનમાં શું લઈ જશો....)**

ઓ જીવલડા જાગી જો તું કોણ છે
કોણ છે કયાંથી અહીં આવેલ છે
ઓ જીવલડા....

પાંચ તત્ત્વનો દેહ તારો અંતે નાશ જ થાય છે
તેને જાતે માનીને તું જન્મોથી અથડાય છે
ઓ જીવલડા....

દેહ જન્મે દેહ મરે તું દેવાધિ દેવ છે
સ્થૂલ સક્ષ્મને કારણ માંહી તારો જ પ્રકાશ છે
ઓ જીવલડા....

અજર અમરને અનાદિ આત્મા તું અખંડ છે
ભૂલીને નિજરૂપને શીદ જડમાં પુરાય છે
ઓ જીવલડા....

સદ્‌ગુરૂ શરણે નરસિંહ ભણે,જાગે તો તું ધન્ય છે
નહિતો અંતે અમૂલ્ય હિરલો,હાથથી ખોવાય છે.
ઓ જીવલડા....



(સાખી)

દેહ છૂંટચો દુનિયા છૂંટી છૂંટચુ જગનું લારૂ;
નરસિંહ નામ રૂપ છોડીને પાયું પદ નિરાલું.

## ૩૩. દેહ અધ્યાસની બેડી...

**(રાગ : સદ્‌ગુરૂ આદિ અનાદિ...)**

દેહ અધ્યાસની બેડી મરજીવા એ તોડી
માયા તણાએ યારી મરજીવાએ તોડી

તન મન ધન સદ્‌ગુરૂને સોંપી
સદ્‌ગુરૂ વચને શુરતાને સાંધી
અવિધ્યાની હાંડી ફોડી, મરજીવાએ તોડી. દેહ...

સ્થુલ સુક્ષ્મને કારણ છોડી
દેહ મૂકી નિજ દેદારે માલી
અગમ ઘર નાખ્યાં ખોલી મરજીવાએ તોડી. દેહ...

દાસ નરસિંહ કહે સંત કોઈ શુરા
આપે આપમાં ભરે કોઇ પુરા
જન્મ મરણની ફેરી મરજીવાએ તોડી. દેહ...



(સાખી)

કર્મો જેનાં ખપી ગયાં ટળી ગયો દેહ ભાવ;
નરસિંહ કેવલ આત્મા સિધ્ધ સ્વરૂપે જાણ.

## ૩૪. નિશ્ચય થયું નિજરૂપ...

(રાગ : ભકતોના હૈયાનો હાર....)

નિશ્ચય થયું નિજરૂપ મૃત્યું ફેરા ફરે છે
સચ્ચિદાનંદ સ્વરૂપ મૃત્યું ફેરા ફરે છે

દેહ દુનિયાને દૂર કરીને,
સ્વરૂપમાં થઈયે તદ્‌રૂપ
મૃત્યું ફેરા ફરે છે. નિશ્ચય થયું...

અખંડને અવિનાશી જયાં આત્મા,
ત્યાં કાળ બીચારો કોણ
મૃત્યું ફેરા ફરે છે. નિશ્ચય થયું....

બાળ યોવન વૃધ્ધ પણ નહિ,
ત્રિકાળ એકનો એક
મૃત્યું ફેરા ફરે છે. નિશ્ચય થયું....

નામ રૂપ ગૂણની ગ્રંથીયોદ છેદતાં,
નરસિંહ ચમકયું સ્વરૂપ
મૃત્યું ફેરા ફરે છે. નિશ્ચય થયું....





(સાખી)

નરસિંહ નિજ સ્વરૂપમાં અખંડ નાખ્યા ડેરા;
દેહી દુબળાં શું જાણે અમર પદ હમારા.

## ૩૫. હું તો મસ્ત રહું અલખમાં...

(રાગ : કાયા નગરીના દરવાજે...)

હું તો મસ્ત રહું અલખમાં, દૂનિયા શું જાણે એ રમતમાં
ખેલું ન્યાળો થઈને મલકમાં, દુનિયા શું જાણે એ રમતમાં

વ્યાપી બ્રહ્મ તણી ખુમારી
હરદર ઉરમાં લાગી તાલી
નાચું નિજ પદની ઝલકમાં, દુનિયા શું જાણે એ રમતમાં... હું તો....

લોકાલોકના પડદા તૂંટયા
અદ્વૈત આનંદ ઉભરા છૂંટયા
એવિ અવધૂતની ગમ્મતમાં, દુનિયા શું જાણેએ રમતમાં.. હું તો....

નરસિંહ ગુરૂ ગમ કેરી વાતો
આજે નિર્ભય થઈને ગાતો
રહું છું અણતોલ્યા આનંદમાં, દુનિયા શું જાણે એ રમતમાં... હું તો....

(સાખી)

*નરસિંહ કાયા ઠીબથી, પ્રાણ જતાં જગ અભરાય,*
*તે કાયાથી માયા કરી, જીવ ચોરાશી જાય.*

## ૩૬. કાયા પતિ રામથી રઢ લાગી...

**(રાગ : ભરૂસાના નાથ આવાં ને વારે....)**

કાયા પતિ રામ થી રઢ લાગી
માયા પતિ રામ થી રઢ લાગી
મારા જીવનમાં જયોતિ જાગી... કાયા પતિ....

જગની વાતો મને લાગે છે ઝેરી
હું તો ગીતડાં અલખનાં ગાતી... કાયા પતિ....

કાયા માયા જાણી વાદળ છાયા
હવે તેથી હું નહિ ભરમાતી. કાયા પતિ....

દાસ નરસિંહ કહે ગુરૂગમ પામી
નિજ સ્વરૂપ રહું છું લાગી. કાયા પતિ....



(સાખી)

*અંધારું અનંત કાળનું, ભાણ ઉગાતાં ભાગ્યું,*
*નિજાત્માને જાણતાં, નરસિંહ ભાગ્ય જાગ્યું.*

## ૩૭. શુરતી સ્વરૂપમાં રાખાં...

**(રાગ : દેહ અધ્યાસની બેડી...)**

દેહ અધ્યાસને ત્યાગાં, શુરતી સ્વરૂપે રાખાં
મિથ્યા દ્રષ્ટિને ત્યાગાં, શુરતી સ્વરૂપે રાખાં

દેહ અધ્યાસે મહાદુઃખ વ્યાપે
જન્મ મરણનો ત્રાસ એ આપે
એવા જડના જુંના જાંમા ત્યાગાં, શુરતી સ્વરૂપે રાખાં...દેહ...

દેહ દ્રષ્ટિથી પાપજ થાશે,
ઘાટ જોતાં અઘાટી ખોવશે.
એવી ભવોભવની ભૂલ ભાગો, શુરતી સ્વરૂપે રાખાં...દેહ...

સદ્‌ગુરૂ કેરૂ શરણું ઝાલાં
દેહ મૂકી નિજ દેદારે માલાં
કહે નરસિંહ નિજાનંદ ચાખાં, શુરતી સ્વરૂપે રાખાં...દેહ...

(સાખી)

*હરિ ગુરૂ સંતની સેવા કરો, માગો દયાની ભીખ;*
*નરસિંહ ગુરૂ કૃપા થતાં, જાય કાળની બીક.*

## ૩૮. સંતો જયાં પગલાંને માંડે...

**(રાગ : દેહ અધ્યાસની બેડી....)**

સંતો જયાં પગલાંને માંડે, ત્યાંથી પાપોજ ભાગે
જીવન જયોત જગાવે, ત્યાંથી પાપોજ ભાગે

કલેશનાં મૂળીયાં ખોદીને કાઢે
શાંતીનું સ્વરાજ સ્થાપે, ત્યાંથી પાપોજ ભાગે. સંતો.....

ભકિતનો પ્યાલો પીને પીવડાવે.
માયાનાં ઝેરઉતારે, ત્યાંથી પાપોજ ભાગે. સંતો.....

સત્સંગથી સંશયને છેદે.
ભ્રાન્તીનાં ભૂત ભગાવે, ત્યાંથી પાપોજ ભાગે. સંતો.....

નરસિંહ નિર્ભય પદ સંતો જ આપે
નિજ સ્વરૂપ ઓળખાવે, ત્યાંથી પાપોજ ભાગે. સંતો.....



(સાખી)

**સઘળા અનર્થોનું મૂળ, નરસિંહ દેહાત્મ ભાવ છે;**
**છૂટે દેહાધ્યાસતો, જીવ નહિ તું શીવ છે.**

## ૩૯. ચોરાસી કમાયા...

**(રાગ : સદ્‌ગુરૂ આદિ અનાદિ...)**

દેહ અધ્યાસે બંધાયા, ચોરાસી કમાયા
અહંની આગમાં શેકાયા, ચોરાસી કમાયા

દેહ અધ્યાસે ફાલ્યાને ફૂલ્યા
નહિ છતાં દેખાય તે માયા

મૃગજળમાં ફસાયા, ચોરાસી કમાયા. દેહ...

નિજ સ્વરૂપનું ભાન જ ભૂલી
અખંડ છતાં ખંડિત માની.

જન્મ-મરણ આંરી લાયા, ચોરાસી કમાયા. દેહ...

દાસ નરસિંહ કહે દેહના ભોગી
જુના પુરાણા એછે રોગી

હાડ માંસમાં લોભાયા, ચોરાસી કમાયા. દેહ...

(સાખી)

**ભક્ત હૃદયે ભગવાન વસે, ભગવાન હૃદયે ભક્ત;**
**નરસિંહ નાતો અભેદનો જાણે વિરલા સંત.**

## ૪૦. જગતમાં દિલ નથી ઠરતું...

**(રાગ : સજેલા શ્રી પ્રભુંજી એ....)**

હરિ ભજન મને ગમતું જગતમાં દિલ નથી ઠરતું
હરદમ ચિત્ત સ્વરૂપે રમતું, જગતમાં દિલ નથી ઠરતું

તજીને ઉંઘને આળસ, તજીને લોભને લાલચ
ભરૂ ભક્તિ તણું ભરણું, જગતમાં દિલ નથી ઠરતું
હરિ ભજન મને ગમતું, જગતમાં દિલ નથી ઠરતું

તજી દેહાત્મા બુધ્ધિને, ઠરી નિજાત્મ સ્વરૂપે
નરસિંહ નિજાનંદે માલું, જગતમાં દિલ નથી ઠરતું
હરિ ભજન મને ગમતું, જગતમાં દિલ નથી ઠરતું.



(સાખી)

**ખૂલ્યાં દ્વાર અલખનાં, ખૂલી બ્રહ્મની ખડકી;**
**નરસિંહ મસ્ત નિજાનંદે, માયા રહી ગઈ રડતી.**

## ૪૧. અવધૂત બાવે મ્હેર કરી રે જી...

**(રાગ : અમે નિસરણી થઈને જગમાં ઉભા રે...)**

મને મળી ગયા જટા ધારી રે,
અવધૂત બાવે મ્હેર કરી રે જી
દીધાં અગમ ઘર ઉગાડી રે,
અવધૂત બાવે મ્હેર કરી રે જી. મને...

મારી જ્યારે ફૂંક બાવે, ઉડી ગઈ ઊંઘ મારે,
મારે મંદિરીયે જયોત જગાવી રે,
અવધૂત બાવે મ્હેર કરી રે જી. મને...

કાંનમાં કીધેલી વાતો શ્વાસે શ્વાસે એજ ગાતો
મારા સુખ સાગરમાં ન્હાતો રે,
અવધૂત બાવે મ્હેર કરી રે જી. મને...

બિન્દુ સિન્ધુમાં ભરે મહા પદે એજ ઠરે
નરસિંહ ભેદીયાં ભૂત શું જાણે રે,
અવધૂત બાવે મ્હેર કરી રે જી. મને...

(સાખી)

**અનંત અનંત ઉપકાર છે, અઢળક ગુરૂની દર્યા;**
**દાસ નરસિંહ શરણે પડી, કરે ગુરૂની સેવા.**

## ૪૨. હેતની હેલી...

**(રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યારે....)**

મારા ગુરૂજીના હેતની હેલી રે, વર્ષેલી કાયા વાડીયે હોજી
પાયાં અમી ભર્યાં પ્રેમનાં ખૂબ પાણી રે,
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...

હૃદયરૂપી પૃથ્વીમાંથી, કામ ક્રોધનાં મૂળ કાઢી
સદ્ ગુણોની ખેડ કરાવી રે
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...

વૈરાગ રૂપી ખાતર નાખી, શ્રધા ભક્તિનાં બીજ વાવી
વિવેક વિચારની વાડ કરાવી રે,
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...

જ્ઞાનરૂપી છોડ ખિલ્યા, મૂક્તિ રૂપી ફળ આવ્યા
નરસિંહ મુક્તિના મહાફળ ચાખ્યાં રે,
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...



(સાખી)

**નરસિંહ અજાતી આત્મા, અભેદ જ્ઞાને ઓળખાય,**
**ભેદીયાં ભટકી મરે, જે પરોક્ષથી પીડાય.**

## ૪૩. મારા ગુરૂજીએ ઓળખાયો રે...

**(રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યા રે....)**

મારા ગુરૂજી એ ઓળખાયો રે
અવિનાશી મારો આત્મા હો જી.

અજર અમર અખંડ બ્રહ્મ એને નહિ કાયા કર્મ
આદિ અંતને મધ્યથી ન્યાળો રે,
અવિનાશી મારો આત્મા હો જી.... મારા...

અનંત સ્વરૂપો માંહી, સચ્ચિદાનંદ રૂપી સ્વામી
નામ રૂપને ગુણની ન્યાળો રે
અવિનાશી મારો આત્મા હો જી.... મારા...

ગુરૂ દેવે કાયા કીધી, જ્ઞાન ચક્ષું અમને દીધા
દાસ નરસિંહ દિલ જ્યોત જગાવી રે
અવિનાશી મારો આત્મા હો જી.... મારા...

(સાખી)

વંદુ સદ્ગુરૂ શરણને, પ્રેમે લાગુ પાય,
અવિદ્યા પડળ ઉતારીને, દેદાર દીયાં બતાય.

## ૪૪. સૂઢાળા મારી વ્હારે...

**(રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યારે....)**

તમને સ્મરૂ હું સૌથી પહેલા રે
સૂંઢાળા મારી વ્હારે ચડાં હો જી.
હરિ ગુણ ગાતાં વિધન આડાં આવે રે,
વિધન વાલા દૂર કરાં હો જી.

સૌ દેવો માં પુંજુ પહેલા,
ધૂંપ, દીપ, પુષ્પોની માળા
તમે મોદકના જમનાર રે,
સૂંઢાળા મારી વ્હારે ચડાં હો જી... તમાને....

રિદ્ધિ-સિદ્ધિ ચમ્મર ઢોળે,
નવ નિધિ ચરણ પખાળે
એવા રિદ્ધિ-સિદ્ધિના દાતા રે,
સૂંઢાળા મારી વ્હારે ચડાં હો જી... તમાને....

મુંશકની સવારે લેજો,
ભકતોના વિધન હરજો
દાસ નરસિંહ વિનંતિ ઉરમાં લુજો રે,
સૂંઢાળા મારી વ્હારે ચડાં હો જી... તમાને....

તમને સ્મરૂ હું સૌથી પહેલા રે
સૂંઢાળા મારી વ્હારે ચડાં હો જી... તમાને....



(સાખી)

નરસિંહ ઝાઝા પૂન્યથી, મળ્યો મનુષ્ય અવતાર;
હરિ ભજન સતસંગ કરી, ઉતરીયે ભવ પાર.

## ૪૫. હરિને ભજીલે પ્રાણીયા હો જી......

**(રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યા રે....)**

ઉડે પંખીરૂને, કાયા જાશે પડી રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

ફરે હોળીને, બાળે ખોળ ખોળી રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

ઘણા દિન તે માંજો માણી ભક્તિ હરિની નવકરી
ધન કુટુંબને માયામાં રહ્યો મોહી રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

ગર્ભવાસના કાંલ ભૂલ્યો, અભિમાનમાં ફાલ્યો ફૂલ્યો
માનવ દેહને એળે ગૂંમાવ્યો રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

હજું સમય છે સામો, નરસિંહ કહે ભજનમાં માલો
તારો સફળ થાય જન્મારો,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

(સાખી)
ગાવે સૌ ગવૈયા બજાવે સૌ બજૈયા;
નરસિંહ આત્મ જ્ઞાન વિના સઘળા જાણો પવૈયા.

## ૪૬. ભજન ઘણું આગું રહ્યું....

(રાગ : અમે નિસરણી થઈને ઉભા રે....)

તારુગાઈ ગાઈ ને ગળું ગયું બેસી રે,
ભજન ઘણું આગું રહ્યું હો જી.

તારુ ચિતડું માયામાં ગયું પેંસી રે,
ભજન ઘણું આગું રહ્યું હો જી...

નિત્ય ઉઠી મંદિર જાવે,
પૂંજા અને પાઠ ભણાવે

દુઃખીયાં દેખીને મોંઢું ચડાવે રે,
ભજન ઘણું આગું રહ્યું હો જી...

મીઠાં ઘળે ભજન ગાવે
વૃત્તિ વિષયમાં ધાવે

જાણે વિદ્યા હાલરડા ગાવે રે,
ભજન ઘણું આગું રહ્યું હો જી.

તીર્થ યાત્રાએ જાવે
ગંગા અને યમુના નાવે

ઘરડાં મા-બાપ ઘરમાં રીબાવે રે
ભજન ઘણું આગું રહ્યું હો જી...

નરસિંહ ગુરૂની ગમ વિના,
નૂંગરાના વધે ફેરા

વર વિનાની જાન જેવા રે,
ભજન ઘણું આઘું રહ્યું હો જી...

તારુગાઈ ગાઈ ને ગળું ગયું બેસી રે,
ભજન ઘણું આગું રહ્યું હો જી...



(સાખી)
ઘુંવડ કદીયે ભાળે નહિ, બ્રહ્માંડે ઉગ્યો ભાણ;
નરસિંહ હાજર હરિ છતાં, નુગરા ફરે અજાણ.

## ૪૭. પ્રભુજી એને પાસે દીસે રે જી.....

(રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યા રે....)

જેની આંખમાંથી ઉતર્યાં પડોળ રે,
પ્રભુજી એને પાસે દીસે રે જી

જેના હૈયેથી હું પદ ખસ્યાં રે,
પ્રભુજી એને પાસે દીસે રે જી... જેની

દેહ ભાવ છૂંટી ગયો,
સ્વરૂપ દર્શી એજ થયો
જે દેહાતીત થઈને માલે રે,
પ્રભુજી એને પાસે દીસે રે જી... જેની

વૃત્તિ સ્વરૂપમાં રમે,
ખુમારી એ ખૂબ ખમે
જે અદ્વૈત પદમાં હોમાયા રે,
પ્રભુજી એને પાસે દીસે રે જી... જેની

નરસિંહ નિજાનંદે ડોલે
બ્રહ્મ રસ ખૂબ ગોળે
જે અલખના અખાડા ખોલે રે,
પ્રભુજી એને પાસે દીસે રે જી... જેની

(સાખી)

**નરસિંહ અખિલ બ્રહ્માંડમાં, આતમ પ્રકટ દિવો, પરનાં**
**પડળ ઉતારીને, દિવ્ય દ્રષ્ટિથી જુવાં.**

## ૪૮. જાગી રે જાને દિલડા ભણી.....

**(રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યા રે....)**

તારા દિલડામાં દિવડો બળે રે
જાગી રે જાને દિલડા ભણી હોજી.

કાયા મંદિરયામાં જયોતો ઝલે રે,
જાગી રેજોને દિલડા ભણી હોજી.

ઘટમાં રહી અખંડ જયોતી ગુરૂ ગમે લે જો ગોતી
જયોતિ વિના દુનિયા ફરે રોતી રે,

જાગી રે જાને દિલડા ભણી હોજી..... તાર....

હું ને મારૂં હેઠે મૂકી દેહ ભાવ દેજો ફૂંકી
તમે અમર વસ્તું, લેજો ગોતી રે,

જાગી રે જોને દિલડા ભણી હોજી.... તારા.....

કહે નરસિંહ ગુરૂ ગમી, જો જો તમે સ્વરૂપ ભણી
તારૂ જન્મ મરણ જાયે ટળી રે

જાગી રે જોને દિલડા ભણી હોજી.... તારા.....



(સાખી)

**ભૂંપો શરણે માથું મૂકે, દેવો માગે દયા,**
**સ્વરૂપે મસ્ત સંતને, નરસિંહ સેવો સદાય.**

## ૪૯ મને સઘળે હું જણાઉ રે.....

**(રાગ : અમે નિસરણી થઈને ઉભારે....)**

મને સઘળે હું જણાઉ રે, કોને રે તું કહી બોલું હો જી
મારા અંતરમાં થયું છે. અજવાળું રે, કોને રે તું કહીં બોલું હો જી

સદગુરૂ એ દયા કીધી, દિવ્ય દ્રષ્ટિ અમને દીધી

ભેદ દ્દષ્ટિ લીધી મારી હરી રે, કોને રે તું કહી બોલું હો જી... મને..

અમર વસ્તું અમને મલી, દ્વૈત ભાવ ગયો ટળી
બ્રહ્મ સ્વરૂપમાં રહ્યો ભરી રે, કોને રે તું કહી બોલું હો જી.. મને..

અલખથી બાંધી નાતો, નરસિંહ નિજાનંદે માતો

સચ્ચિદાનંદે સમતાં રે, કોને રે તું કહી બોલું હો જી
મને સઘળે હું જણાઉ રે કોને રે.....

(સાખી)

**નરસિંહ સ્વરૂપ જાણતાં, જાણ્યો સકલ શાસ્ત્રનો સાર;**
**સચ્ચિદાનંદ હું આત્મા, પુંરાણ કુંરાનની પાર.**

## ૫૦. મને આજ થઈ ઓળખાણ....

**(રાગ : ઘટઘટમાં મારો વાસ...)**

મને આજ થઈ ઓળખાણ,
અહિં કોઇ પરાયું છે જે નહિ.
મને મારી થઈ ઓળખાણ,
અહિં કોઇ પરાયું છે જ નહિ.

સત્-ચિત્ત, આનંદ સ્વરૂપે, સઘળે એક જ આતમ રામ
અજર અમર ને સનાતન (૨)
ઘટ ઘટમાં વસનાર.... અહિં કોઇ....

દ્રશ્યો અનેક પણ દ્રષ્ટા એક જ, સદ્ગુરૂ આપી સાન
દેહ વિનાશી હું અવિનાસી (૨)
દરસ્યાં નિજ દેદાર..... અહિં કોઇ....

નરસિંહ હરિગુરૂ સંત કૃપાથી, ખૂલ્યાં અગમ દ્વારા
અભેદ આત્મ દર્શન કરતાં (૨)
સઘળે એક જણાય.... -અહિં કોઇ....



(સાખી)

**અણમોલ અવસર જાય છે, અણમોલ જાય છે ઘડી;**
**નરસિંહ હરિ ભજન કરો, કાયા જાશે પડી.**

## ૫૧. હરિ ને સ્મરો હર ઘડી રે...

**(રાગ : આજ મારાં દેદાર દરસ્યાં રે હાં....)**

હરિ ને સ્મરો હર ઘડી રે હાં.... હાં....
હે જી માંઘા અવસર જાય છે વહી,
મારા વિરારે હરિને સ્મરો.. હરિ ને..

કાયા માયાને પડી મેલાં રે હાં.... હાં....
હે જી પીવો અમીરસ ના પ્યાલો,
મારા વિરારે હરિને સ્મરો.. હરિ ને..

સદ્ગુરૂ વચને સ્વરૂપ પરખી રે હાં.... હાં....
નરસિંહ ભરો બ્રહ્મ ભેરો
મારા વિરારે હરિને સ્મરો.. હરિ ને..

**(રાગ : રેખતા)**

**સુખ છે તમારા સ્વરૂપમાં બહાર શીદને ફરો**
**બહાર શીદને ફરો બંદા, ચેતનથી શુરતી ધરો**
**અજર અમર અખંડ થઈને જડ સાથે શું મરો**
**અરે સમ્રાટ શહેનશાહ થઈને, કંગાલ થઈ કયાં ફરો**
**કહે નરસિંહ નિજાનંદ ચાખી બ્રહ્મ સ્વરૂપમાં ભરો.**

(સાખી)

**કાયા કાચું માટલું, કયારે બેસી જાય;**
**નરસિંહ હરિ ભજન કરો, મોંઘો અવસર જાય.**

## ૫૨. કાયા પીંજર માંહી રે....

**(રાગ : શામળિયાની સાથ રે...)**

કાયા પીંજર માંહી રે.. પંખી વિના કોણ બોલે
દેહ દેવળ માંહી રે.., દેવ વિના કોણ બોલે

પંખીરૂ ઉડીરે ચાલું.. પીંજરીયું ને પડતું રે મેલ્યું
આંચિન્તાનું હાલ્યું રે.., પંખી વિના કોણ બોલે. કાયા....

કુટુંબ સૌ દોડી આવે.. કાકા બાપા કહી બોલાવે
બોલાવ્યું ના બોલે રે.., પંખી વિના કોણ બોલે. કાયા....

જમડે આવીને ઝાલ્યુ.. જોર કોઈનું નવ ચાલ્યું
રંક હોય કે રાંણા રે.., પંખી વિના કોણ બોલે. કાયા....

શેઠીયો ગયો રે ચાલી.. પેઢીઓને પડતી મેલી
ઉત્તર કોણ આપે રે.., પંખી વિના કોણ બોલે. કાયા....

કહે નરસિંહ નયને જોઈ.. પ્રભું ભજો હું પદ ખોઈ
સફળ થાય જન્મારો રે.., પંખી વિના કોણ બોલે. કાયા....



(સાખી)

**સદ્ગુરૂ દેવે દયા કરી, ખોલી હમારી આંખ;**
**નરસિંહ આઘાટ પદે રમે, અગમ ઉડે પાંખ.**

## ૫૩. ગુરૂજીના જ્ઞાન રે....

**(રાગ : શામળિયાની સાથ રે...)**

ગુરૂજીના જ્ઞાને રે.... સ્વરૂપની લ્હેરો લાગી
નિજ પદના ભાને રે.... સ્વરૂપની લ્હેરો લાગી

તન મૂક્યું મન મુક્યું.... દુનિયાથી દિલ તૂટ્યું
નિર્ભય નાદેરે.... સ્વરૂપની લ્હેરો લાગી... ગુરૂજીના...

સચ્ચિદાનંદ સ્વરૂપ પામી... વૃત્તિ મારી ગઈ વિરમી
મહાપદની માંજે રે.... સ્વરૂપની લ્હેરો લાગી... ગુરૂજીના...

સ્હેજે સમાધી થાતાં.... નરસિંહ નિજાનંદ પાતાં
દેહાતિત દેશે રે.... સ્વરૂપથી લ્હેરો લાગી... ગુરૂજીના...

(સાખી)

***દેહ દેવરીયાં ખોલીને, ભીતર જોયા રામ,***
***નરસિંહ નિજ સ્વરૂપમાં, પામ્યો છે આરામ.***

## ૫૪. કાયા મંદિર માંહી રે...

**(રાગ : ચાલુ...)**

કાયા મંદિર માંહી રે... ઝળહળ જ્યોતો જાગી
દેહ દેવળ માંહી રે... જળહળ જ્યોતો જાગી

સદ્ગુરૂની શાને જાગી, સોહમની ધૂન લાગી;
ગગન ના ગોખે રે... ઝળહળ જયોતો જાગી.... કાયા...

નાભીથી નામ ઉઠે, હૃદયથી કમળ ઉઠે;
શૂન્ય શીખર ગાજે રે... ઝળહળ જયોતો જાગી.... કાયા...

દેહભાવ ગયો છૂટી, સ્વરૂપથી શુરતી લાગી;
અવધૂતના આરે રે... ઝળહળ જયોતો જાગી.... કાયા...

નરસિંહ મસ્તબની બોલે, અગમનાં દ્વાર ખોલે;
ગમ્મર ગૂંફા માંહી રે... ઝળહળ જયોતો જાગી.... કાયા...



(સાખી)

***સદ્ગુરૂની કૃપા વિના, તરી શકે નીહ કોઈએ,***
***રૂષિ-મુનિને પંડિતો, ભલે અવતારી હોય.***

## ૫૫. અમને આતમ હિરલો...

**(રાગ : તમને સ્મરૂ હું સોઈન અલખરે....)**

અમને આતમહિરલો ઓળખાયો રે
ગુરૂજીના જ્ઞાનથી હો જી
ખોલી મારા હૈયામાં હિરાલાની ખાંણ રે
અણમોલ મોતી અમને મલ્યાં હો જી

હેજી વિરા મારા ગુરૂએ આપેલાં રૂડાં જ્ઞાન રે...
નિર્ભય પદનાં ભાન થયાં હોજી
પામ્યો સચ્ચિદાનંદ સ્વરૂપરે
ભ્રમણાઓ સઘળી દૂર થઈ હોજી... અમને....

હેજી વિરામારા ભભુક્યો બ્રહ્મ અગ્ની ભરપૂર રે
ખોટું તો બળીને ખાખ થયું હો જી
મૂકયા કાયા માયા વાળા કોડ રે
અભય પદમાં અમે ઠર્યા હોજી... અમને....

હેજી વિરામારા ખોલ્યા દેવોના દેવનાં કમાડરે
ગુરૂજી આપી કૂંચીયો હોજી
નરસિંહ બેઠાં મુક્તિની મઢિ માંય રે
કાળનું જોર જયાં નહિ હોજી... અમને....


(સાખી)

**મન નહિ બુદ્ધિ નહિ, નહિ કર્મની કુંવેશ;**
**નરસિંહ નિરાંતે પાંઢિયા, દેહાતિત દંશ.**

## ૫૬. પરના દોષો નવ જોશો...

**(રાગ : સદ્ગુરૂ આદિ અનાદિ...)**

પરના દોષો નવ જોશો... તમે નિર્દોષ રહેશો
સત્સંગમાં દિલ ધોશો... તમે નિર્દોષ રહેશો
સત્સંગ કરી સત્ય સ્વરૂપે ઠરશો
અવિધ્યાનું દુઃખ ખોશો... તમે નિર્દોષ રહેશો.. પરના....
ઘટો ઘટ બ્રહ્મ જયોતિ ને જોશો
દ્વૈતભાવને ખોશો.. તમે નિર્દોષ રહેશો.. પરના...
દાસ નરસિંહ નિજ સ્વરૂપે સુખી
તેમાં ના સંશય લેશો... તમે નિર્દોષ રહેશો.. પરના....





(સાખી)

**અણમોલ અવસર જાય છે, અણમોલ જાય છે ઘડી;**
**નરસિંહ નિજત્માને જાણીલે, કાયા જશે પડી.**

## ૫૭. હેલી આરે ચાંઘડીયાં લાભનાં...

**(રાગ : (લગ્ન ગીત) બહેની તમોને વળાવી પાછાં વરીયાં....)**

હેલી આરે ચાંઘડીયાં લાભનાં
તમે ફરીલ્યાં અમર વરથી ફેરારે
ઉઠી જાય જમના ડેરા રે... ચાંઘડીયાં...

હેલી મશાણીયા વરની પ્રીત છોડી
તમે અખંડ વરથી પ્રીતો બાંધોરે
જુનાં સગપણ શોધો રે... ચાંઘડીયાં...

હેલી મનના તે માંઢળ બાંધજો
શુરતા દોરીયે સોહંમ પરોવાં રે
ઘટોઘટ જુઆં રે... ચાંઘડીયાં...

હેલી પ્રેમનાં પટોળાં પહેર જો
સર્મ્યક દર્શન નો ચૂડિયો સારો રે
કોડિલા વરને પ્યારો રે... ચાંઘડીયાં...

હેલી હેતના હાર હૈયે ધરજો
કેવલ કુંકુનો ચાંલ્લો સોહાવાં રે
મુક્તિના પંથે આંવા રે... ચાંઘડીયાં...

હેલી દાસ રે નરસિંહની આ વિનંતી
તમે હું ને મારૂ હેકુ મેલાં રે
સ્વરૂપમાં માલાં રે... ચાંઘડીયાં...

(સાખી)

*નિજ સ્વરૂપ સમજાવીને, તોડ્યા ભવના બંધ;*
*તે સત્ય પુરૂષના ચરણમાં, લાંટે મારા અંગ.*

## ૫૮. હેલી જાગી રે જુવાં નિજ રૂપને...

**(રાગ : (લગ્ન ગીત) બહેની તમોને વળાવી પાછાં વરીયાં....)**


હેલી જાગીરે જુવાં નિજ રૂપને
તમે કોણ અને અહીંયા કયાંથી રે
મિથ્યામાં રહ્યા મથીરે જુવાં નિજ રૂપને.. હેલી...

હેલી કાયા રે પડે કયાં ઠરશાં
તમે કયાંરે કરશો મુકામ રે
શોધાં નિજ ધામરે જુવાં નિજ રૂપને. હેલી....

હેલી પાંચરે તત્વની કાયા બની
ત્રણ ગૂણે રચાવી માયારે
માયા પતિ ન્યાળા રે જુવાં નિજ રૂપને. હેલી....

હેલી સચ્ચિદાનંદ સ્વરૂપ આપણું
જાગી જોતાં જગત ઉડી જાયરે
નિજ સ્વરૂપ ઓળખાય રે જુવાં નિજ રૂપને. હેલી....

હેલી સદ્ગુરૂ શરણે નરસિંહ ભણે
મારા સદ્ગુરૂ કીધી મ્હેર રે
પહોંચાડયો નિજ ઘેર રે જુવાં નિજ રૂપને. હેલી....





(સાખી)

**મન વાણી પહોંચે નહિ, બુધ્ધિ થઈ બેહાલ;**
**નરસિંહ દશા દેદારની, શુ બતાવે બહાર.**

## ૫૯. વાતો કોને કહીયે હેલી...

**(રાગ : હેલી આરે ચાંગડીયાં લાભનાં....)**

હેલી સત્યની વાતો કોને કહીયે
રહેવુ જુઠા જગતની માંહી રે નુગરાં ના સંગ માંહી રે
વાતો કોને કહીયે, હેલી...

હેલી આંધળાં શુ જુવે આયનો
ધુવડ શું રે જાણે સૂરજ રે મતી નો હોય મૂંઢ રે
વાતો કોને કહીયે, હેલી...

હેલી કાચારે ધડુલે નિર ના ભરીયે
ફૂંટે ઘડુલોને વહી જાય નિર રે પીવેના કોઈ વીર રે
વાતો કોને કહીયે, હેલી...

હેલી ખારીરે ધરતી નવ ખેડીયે
ફોગટ જાવે મહેનત ને બીજરે પાકેના કોઈચીજ રે
વાતો કોને કહીયે, હેલી...

હેલી કંચન પાત્ર જો હોય તો
ઠરે સિંહણ કેરાં દૂધ રે શઠને ના હોય સુધરે
વાતો કોને કહીયે, હેલી...

હેલી દાસ નરસિંહ નિજાનંદમાં
કોઈ પુંરારે મલેતો દિલડાં ખોલેરે મહાપદમાં ડોલેરે
વાતો કોને કહીયે, હેલી...

(સાખી)

મહા પૂન્યે સાંપડચો, મોંઘો માનવ દેહ;
નરસિંહ નિજરૂપે વસો, ધરોના બીજો દેહ.

## ૬૦. અવસર માંઘા મૂલનો હેલી

**(રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં....)**

હેલી આરે અવસર માંઘા મૂલનો
તમે સદ્‌ગુરૂનાં વચન વિચારાં રે, જન્મ મરણ ટાળાં રે
અવસર માંઘા મૂલનો... હેલી....

હેલી કોટિ રે જનમના પૂન્યથી
મલ્યો સંત સગાનો સાથરે, ઓળખો નિજ નાથરે
અવસર માંઘા મૂલનો... હેલી....

હેલી ગુરૂને ગોવિંદરૂપ જાણજો
તમે દ્વૈત ભાવને ટાળાં રે, અદ્વૈતમાં માલાંરે
અવસર માંઘા મૂલનો... હેલી....

હેલી કર્મના કાંચલા બાળજો
જ્ઞાના અગ્નિમાં હું ને ગાળાં રે, શુધ્ધ સ્વરૂપ વિચારાંરે
અવસર માંઘા મૂલનો... હેલી....

હેલી નરસિંહ વાણી વિચારજો
ફરી અવસર ના મલે આવો રે, લૂંટી લેજો લ્હાવોરે
અવસર માંઘા મૂલનો... હેલી....



(સાખી)

આલોક ને પરલોકની, ઈચ્છા મને જરાયે નથી;
નરસિંહ મસ્ત સ્વરૂપમાં, કાળની પરવા નથી.

## ૬૧. હેલી ચાલાં રે જઈયે નિજ દેશમાં

**(રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં....)**

હેલી ચાલાં રે જઈએ નિજ દેશમાં
છોડી પરદેશીયાના વાડા રે ખોલાં બ્રહ્મ ધ્વારા રે
જઈને નિજ દેશમાં, હેલી....

હેલી વિષય વાડી પડતી મેલી
ખાલી કરીલ્યાં મનડાવાળા માળારે ઉગાડાં ઘર તમારારે
જઈને નિજ દેશમાં, હેલી....

હેલી અગમ અગોચર પદ આપણા
મનવાણીથી પર રે અસલ આપણાં ઘરરે
જઈને નિજ દેશમાં, હેલી....

હેલી ચંદારે સૂરજ ઝાંખા પડે
ઝાંખા પડી જાય નવલખ તારા રે સ્વયં પદ તમારા રે
જઈને નિજ દેશમાં, હેલી....

હેલી નૂગરા બેઠા નયનાં ઢાળીને
જેનો હૈયે સવામણનાં તારાં રે, કાળજાં જેનો કાળાંરે
જઈને નિજ દેશમાં, હેલી....

હેલી શુંરારે હોય તો સોદ કરીએ
નરસિંહ પ્રકટ ખેલે આપ રે દ્વૈતનો વાળી દાટ રે
જઈને નિજ દેશમાં, હેલી....

(સાખી)

*છોડી દેહાધ્યાસને, નિજ દેદારે માલીયે;*
*નરસિંહ મૂકી મ્યાનને, સ્વરૂપ સમશેર ઝાલીયે.*

## ૬૨. હેલી આરે સંદેશા ગુરૂ દેવના

**(રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં....)**

હેલી આરે સંદેશા ગુરૂ દેવના
દેહ મૂકીને દેદારે માલાંરે અગમ ઘર ઉગાડાં રે
સંદેશા ગુરૂ દેવના.. હેલી....

હેલી સદ્ગુરૂ શબ્દે શુંરતા સાંધી
તમે સોહંમ શેરીયે ચાલાંરે નિજાનંદ માણાં રે
સંદેશા ગુરૂ દેવના.. હેલી....

હેલી મન રે બુધ્ધિ પર ખેલજો
તમે ગગનનાં હાટ ઉગાડાં રે માંઘા મોતી આંરાં રે
સંદેશા ગુરૂ દેવના.. હેલી....

હેલી દાસરે નરસિંહ ગુરૂ ગમથી
ગાવે સદ્ગુરૂના સંદેશારે જીવતાં ઘર દીઠા રે
સંદેશા ગુરૂ દેવના.. હેલી....



(સાખી)

*હરી ગુરૂ સંતની કૃપા થતાં, જીવ મહિ શીવ થાય;*
*નરસિંહ દ્વારા અગમનાં, ગુરૂ તમે ખૂલી જાય.*

## ૬૩. હેલી સંગત કરીયે રે સાચા સંતની

**(રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં....)**

હેલી સંગત કરીયેરે સાચા સંતની
પેલા નૂગરાંથી દૂર દૂર રહીયરે હરિના ગૂણ ગઈને રે
સંગત કરીયે સંતની.. હેલી...

હેલી બાટક બોલીનાં બીજાણીયાં
હલકું બોલે હલકા ફળનાં, લોકરે કરીયેના એનો શોક રે
સંગત કરીયે સંતની.. હેલી...

હેલી સો વર્ષ રહે ગંગાજળમાં
પેલા પથરા કોરાને કોરા રે, ટાંકે ગળે અંગારા રે
સંગત કરીયે સંતની.. હેલી...

હેલી હરિગુરૂ સંતને સેવતાં
તારૂ જન્મ મરણટળી જાય રે, નરસિંહ નિર્ભય ગાએ રે
સંગત કરીયે સંતની.. હેલી...

(સાખી)

પ્રકટ પદ ચૂકીને પરમાં પ્રવેશ કરૂ નહિ;
નરીસ્હ ત્રીકાળ આત્મા સ્વયં સ્વરૂપ ચૂંકું નહિ.

## ૬૪. નિષ્ટાની દોરી બાંધાંરે

**(રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા...)**

નિષ્ઠા દોરી બાંધાંરે નિશ્ચય થઈને
મુક્તિના પંથી માલાંરે નિશ્ચય થઈને

આ કાયા માયા મૂંકી
અધ્યાસો સઘળા ચૂંકી
સ્વરૂપની માંજો માણાં રે નિશ્ચય થઈને., નિષ્ઠાની...

હું આત્મા છું અવિનાશી
હું શુધ્ધ સ્વયં પ્રકાશી
અમે ધ્રુવ પણાને પામાંરે નિશ્ચય થઈને., નિષ્ઠાની...

નહિ નાતો કે નહિ જાતો
નહિ વરણાશ્રમની ભાતો
એવા અભેદ પંથે માલાંરે નિશ્ચય થઈને., નિષ્ઠાની...

દાસ નરસિંહ નામ રૂપ ત્યાગી
બનો બ્રહ્મા નંદના ભાગી
રહો અભય પદમાં લાગીરે નિશ્ચય થઈને., નિષ્ઠાની...



(સાખી)

પુરાં તકદીર હોય તો આંગણે આવે સંત;
નરસિંહ સાચા સંતજનો ભેટાડે ભગવંત.

## ૬૫. ધન્ય ધન્યએ ભૂમિને રે

**(રાગ : તમે. જમવાને પધારો રે પ્રીત પરૂણા....)**

ધન્ય ધન્ય એ ભૂમિને રે જયાં સંતો બીરાજે
વંદન કરતા જઈયે રે જયાં સંતો બીરાજે

જયાં સંત સભાઓ થાવે
જયાં હરિજન હરિગુણ ગાવે
ત્યાં જમડા કદિ નહિ આવે રે, જયાં સંતો બીરાજે; ધન્ય...

જયાં શાસ્ત્રપુરાણ વંચાયે
જયાં મહા વાકય ચર્ચાયે
ત્યાં દેવો દાંડી આવે રે, જયાં સંતો બીરાજે; ધન્ય...

જયાં હરદમ સતસંગ થાવે
જ્ઞાન ગંગા ધોધ વરસાવે
મુક્તિ ત્યાં દાંડી આવે રે, જયાં સંતો બીરાજે; ધન્ય...

જેના પૂન્ય અનેરાં જાગે
તેના દ્વારે હરિજન આવે
દાસ નરસિંહ ભાગ્ય અજવાળે રે, જયાં સંતો બીરાજે; ધન્ય...

(સાખી)

સદ્‌ગુરૂ સમો દાતાર નહિ, સદ્‌ગુરૂ સમો નહિ દેવ;
ગુરૂ સાક્ષાત પર બ્રહ્મ, કરો પ્રેમથી સેવ.

## ૬૬. સદ્‌ગુરૂના ચરણ પખાળાં રે

**(રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા...)**

સદ્‌ગુરૂના ચરણ પખાળાં રે અવસર આવ્યો મજાનો
આજે ગુરૂ પૂનમનો દહાડો રે અવસર આવ્યો મજાનો

આવો પ્રેમ ભરી હૃદયમાં પડી સદ્‌ગુરૂના શરણમાં
માગો દાન જ્ઞાન ભક્તિનારે અવસર આવ્યો મજાનો
સદ્‌ગુરૂ ચરણ પખાળાં રે....

ગુરૂજ્ઞાનમૃત ખૂબગોળી ભવ બંધન નાખો તોડી
જાય ઘડી આ અણમોલ રે અવસર આવ્યો મજાનો
સદ્‌ગુરૂ ચરણ પખાળાં રે....

ગુરૂગોવિંદ એક જ જાણી દ્વૈત ભાવ ને નાખો તોડી
નરસિંહ નિજસ્વરૂપ નિહાળો રે અવસર આવ્યો મજાનો
સદ્‌ગુરૂ ચરણ પખાળાં રે....





(સાખી)

પ્રકટને કોણ પ્રકાશે, પ્રકટ સ્વયં પ્રકાશ;
નરસિંહ અખંડ પરમાત્મા, બ્રહ્માંડ જાણો વિનાશ.

## ૬૭. ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજેરે...


**(રાગ : તમે. જમવાને પધારો રે પ્રીત પરૂણા....)**

ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજેરે આંખ ખોલીને જોજે...
કાયાના કોડને ખોજેરે આંખ ખોલીને જોજે...

સચરાચર સદ્‌ગુરૂ સ્વામી રહી મેંદીમાં જેમ લાલી
તમે સદ્‌ગુરૂ સઘળે બીરાજે રે આંખ ખોલીને જોજે...
ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજે રે....

દ્વૈતભાવ દિલથી કાઢી તું દર્શન કરીલે દહાડી
તારી ખૂલે મોક્ષની બારી રે આંખ ખોલીને જોજે...
ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજે રે....

કોઇ હોય જો શૂરાપુરા પીવે ગુરૂગમ પ્રેમ પીયાલા
નરસિંહ નયને બ્રહ્મ ચમકારા રે આંખ ખોલીને જોજે...
ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજે રે....



(સાખી)

**કામ નહિ ક્રોધ નહિ, લોભનાં તૂટયાં મૂળ;**
**નરસિંહ એવા સંતને, હરિ સદા હજુર.**

## ૬૮. પ્રભું પ્રસન્ન કરવા રે...

**(રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા...)**


પ્રભું પ્રસન્ન કરવા રે મારગ સ્હેલો કહું છું
મારા વાલા ને હાજર મલવા રે મારગ સ્હેલો કહું છું

પ્રાણી માત્ર પર દયા રાખો પર દુઃખ નિજ દુઃખ સમ લેખો
સમદર્શનથી ભવ દુઃખ કાપાં રે મારગ સ્હેલો કહું છું. -પ્રભું ને

પર સ્ત્રીને માતા જાણો પર ધનને પથ્થર માનો
પર નિંદાના પાપ ને ટાળો રે મારગ સ્હેલો કહું છું -પ્રભું ને

ઈન્દ્રીયો સંયમ રાખો મળ્યું તેમાં માંજો માણો
તૃષ્ણાના તાંતણા કાપાં રે મારગ સ્હેલો કહું છું -પ્રભું ને

કહે નરસિંહ નિજરૂપ જાણો જડ દેહનો મોહ ઉતારાં
ઘટઘટમાં પ્રભુંને નિહાળાં રે મારગ સ્હેલો કહુ છું -પ્રભું ને





(સાખી)

**પ્રકટ સદ્ગુરૂ જો મલે, પ્રકટે સ્વરૂપ જયોત;**
**નરસિંહ દેહભાવ ટળી જતાં, ભાસે બ્રહ્મ આંત પ્રાંત.**

## ૬૯. જેની અખંડ વૃત્તિ વિભુંમાં રે...

**(રાગ : તમે. જમવાને પધારો રે પ્રીત પરૂણા....)**

જેની અખંડ વૃત્તિ વિભું માં રે... વંદન તેને કરજો
જેની શુરતી સદા સ્વરૂપમાં રે... વંદન તેને કરજો

જેનો દેહ ભાવ ગયો છૂટી, જેને અમૃત પીધું ઘૂંટી
જેના રાગ-દ્વેષ ગાય છૂટી રે... વંદન તેને કરજો. જેની...

જેના ઘટઘટ સ્વરૂપ ભાસે, અણું અણુંમાં આતમ દીસે
જેના નયને બ્રહ્મ નૂર વરસે રે... વંદન તેને કરજો. જેની...

જેનાં દિલ છે દરિયા સરખાં, જેના દર્શને દિલડાં ઠરતાં
તેના શરણે નરસિંહ ઢળજો રે... વંદન તેને કરજો. જેની...



(સાખી)

**પુરણ ભાગ્ય હોય તો, પુરા સદ્ગુરૂ ભેટે;**
**રોગ જન્મ મરણનો, સદ્ગુરૂથી જ મટે.**

## ૭૦. તેના દાસ જ થઈએ

**(રાગ : કોઈ મન મરગાને મારાં રે...)**

કોઈ પ્રકટ પ્રભું દરશાવે રે.... તેના દાસ જ થઈયે
કોઈ હાજર હરિ બતલાવે રે.... તેના ચેલા થઈયે

અંતરનો અંધાપો ટાળે ને ટાળે ત્રિવિધી તાપો
બળતા જનનાં કાળજાં ઠાળે (૨) તેને માથાં દઈયે રે... કોઈ પ્રકટ

હું કોણ છું હરિ કોણ છે વળી કોણ છે જગનું મૂળીયું
અવિદ્યા કેરી આંટી ખોલી (૨) અસલ રૂપ ઓળખાવે રે... કોઈ પ્રકટ

સચ્ચિદાનંદ સ્વરૂપે ઠરાવે ને ખોટું તે ખાલી કરાવે
જડતા કેરી જંજીર તોડી (૨) બ્રહ્મ જયોત જગાવે રે ... કોઈ પ્રકટ

નરસિંહ સદ્ગુરૂ સમર્થ મળે તો જન્મ મરણ ટળી જાવે
નયનાં આગળ નાથ બતાવે (૨) ઘટોઘટ દર્શન થાવે રે... કોઈ પ્રકટ





(સાખી)

**અહંકારી નર આંધળા, ઘુંવડ વંશની જાત,**
**પ્રકટ વસ્તું પરખે નહિં, જડથી ભીડે બાથ.**

## ૭૧. માનવ થોડા હું પદ રાખો...

**(રાગ : કરજો કરજો નૈયા પાળ....)**

માનવ થોડા હું પદ રાખો, તારો ઉતરી જાશે ફાંકો
લાગે કાળતણો તમાચો, તારો ઉતરી જાશે ફાંકો

વાગે મરણ તણો જયાં ડંકો, ભાગી જાશે તારા ઢંગો
ભૂલી જશાં મરડવી મૂંછો, તારો ઉતરી જાશે ફાંકો... માનવ....

કાયા પાણીનો પરપોટો, ફૂટી જાશે તારો ફોટો
જરા સમજી છાતી કુટો, તારો ઉતરી જાશે ફાંકો... માનવ....

માયા વાદળ કેરી છાયા, શાને ફોગટના ફ્લાયા
ખાશો ચાંરાસીનો ધોકો, તારો ઉતરી જાશે ફાંકો... માનવ....

કુટુંબ દેખીને ફ્લાતો, જાણે બળિયા છે મૂજ ભ્રાતો
જોજે રાવણ ખાધી લાતો, તારો ઉતરી જાશે ફાંકો... માનવ....

માટે સમજી સમય સાધો, ગુરૂગમથી નિજ આતમ ઢુંઢો
નરસિંહ નિર્ભય પદને તાકો, તારો ઉતરી જાશે ફાંકો... માનવ....



(સાખી)

*જગત મૂલ્યાંકન પત્રમાં, જેને મળે છે ઝીરો;*
*નરસિંહ પ્રભુના દરબારમાં, એજ બને છે હીરો.*

## ૭૨. ચઠવાળો ચઠવાળો સકલ જગ...

**(રાગ : વહેપારી વહેપારી અમે તો મોટા વહેપારી...)**


ચઠવાળો ચઠવાળો સકલ જગ ચઠવાળો રે
તેમાં શાને ભૂલો નિજ પ્યારો, સકલ જગર ચઠવાળો રે

ચિત્ત ભમણાથી ભાસે જગત આ
સાચું માને અક્કલના ઓથમીરો... સકલ જગ...

અવિધ્યાના ઘેનમાં ઉંઘેલા માનવી
માલે સ્વપ્ન સુષ્ટીના મ્હેલો... સકલ જગ...

હંસલા ચૂંગે સત્ય સ્વરૂપ ના મોતી
પેલા કાગ બગાંનો ચારો... સકલ જગ...

દાસ નરસિંહ કહે જગત કલ્પના
ચિત્ત ચટકેલાનો એ વાડો... સકલ જગ...





(સાખી)

*નરસિંહ કહે મેં નિરખ્યા, ઘટ ઘટ ભીતર રામ;*
*હું મારાને હેઠું મૂકી, ઓળખ્યા આતમ રામ.*

## ૭૩. ઘટ ઘટ માંહી બોલે રે....

**(રાગ : મસ્ત બનીને બોલું રે....)**

ઘટઘટ માંહી બોલે રે દિલ દેવળમાં ડોલે રે.
સજની મારો સાયબો હો જી.
સજની હું તો નિરખીને થઇ છું રે ન્યાલ (૨) ... ઘટઘટ માંહી...

કાયાની ગાગર ફોડી રે તોડી માયા ઉઢણી હોજી.
નવરી થઈને નિરખ્યા મેં મારો નાથ (૨) ... ઘટઘટ માંહી...

હું ને મારૂ મૂકી રે હળવાં થઈને હાલતાં હો જી.
સજની મારા પીયુંજી એ ઝાલેલો હાથ (૨) ... ઘટઘટ માંહી...

પલ પલ દર્શન પામી રે પુર્યા દિલના દરિયા હો જી.
સજની મારી હૈયામાં થઈ હવે હાશ (૨) ... ઘટઘટ માંહી...

નરસિંહ ઠલવે દિલડાં રે આવો હરિજન ઝીલવા હો જી.
ઝીલતાં જાશે જન્મ મરણનો રોગ (૨) ... ઘટઘટ માંહી...



(સાખી)

**મન વાણીમાં આવુ નહિ, કરુ ના ઈન્દ્રિય પ્રયોગ;**
**આપે આપમાં રમણ કરિ, સાધુ સ્વરૂપ યોગ.**

## ૭૪. મનડાં મરેલાં રે...

**(રાગ : મસ્ત બનીને બોલું રે...)**

મનડાં મરેલાં રે, તનડાં ઠરેલાં રે, ઠરેલી જેની આંખડી હો જી
ચિત્તડાં જેનાં ચડે નહિ ચગડોળ (૨)... મનડાં....

સંપત કે વિપત્તમાં રે દિલડાં જેનાં ડગે નહિ હો જી
વૃત્તિ જેની હર્ષ શોકથી પર (૨)... મનડાં....

મુક્ત થઈને માલે રે કાયા કર્મ વ્યાપે નહિ હો જી
વાચના વનમાં મૂકી જેને બ્રહ્મ આગ (૨)... મનડાં....

અકર્તા અભોક્તા રે સાક્ષી પદે સ્થિર થયા હો જી
પામ્યા જે જન સચ્ચિદાનંદ સ્વરૂપ (૨)... મનડાં....

ઈન્દ્રનાં ઇંદ્રાસન રે તરણા તોલે લાગતાં હો જી
નરસિંહ એવા સંતોનાં સેવે ચરણ (૨)... મનડાં....





(સાખી)

**શુરી પરનું અમૃત પીને, અમર થયો છું આજ;**
**કાળ અમને શું કરે, હું કાળનો શિરતાજ.**

## ૭૫. પીધી છે પીયાલી રે

**(રાગ : મસ્ત બનીને બોલું રે....)**

પીધી છે પાયાલી રે ચડી છે ખુમારી રે,
ગુરૂજીના જ્ઞાનની હો જી
ચકચૂર થઈને ગાઉ અલખનાં ગીત (૨) ... પીધી છે...

સતચિત્ત આનંદે રે શુરતી મારી રમણ કરે હો જી
જ્યાં નહિ વ્યાપે કાયા માયા વાળાં ઝેર (૨) ... પીધી છે...

પરનાં પડળ રે ઉતર્યા મારી આંખથી રે જી
ભાસે અમને સભર એક સ્વરૂપ (૨) ... પીધી છે...

તું ને હું માં હોમી રે અદ્વૈત પદમાં માલીએ હો જી
જાણે કોઇ ગુરૂ મૂખી આ ભેદ (૨) ... પીધી છે...

નરસિંહ નિજાનંદી રે નિર્ભય માંજો માણતો હો જી
ખોલ્યાં મારે સદ્ગુરૂ માંયલાં કમાડ (૨) ... પીધી છે...



(સાખી)

*નિજ સ્વરૂપે રમણ કરી, પીવું અમૃત ધારા;*
*અજર અમર હું આત્મા, જખ મારે જમકારા.*

## ૭૬. નિશ્ચય થઈને બેઠો રે...


**(રાગ : મસ્ત બનીને બોલું રે...)**

નિશ્ચય થઈને બેઠો રે નિજ સ્વરૂપમાં રહેતો રે
હું તો મારી માંઝમાં હો જી
દુનિયા શું જાણે દેહ પાળનાં દેદાર (૨).. નિશ્ચય...

હસનાર ભલે હસે રે રોનારા ભલે રોઈ રહે હો જી
તોય મારાં દિલડાંના ડગે લગાર (૨).. નિશ્ચય...

હું અભય દેશનો શુબો રે, મારી સાયબી માંઘી ગણી રો જી
મરજીવા કોઈ માણે હમારી માંજ (૨).. નિશ્ચય...

અલખ પુરૂષ ઓરડા રે સદ્‌ગુરૂ દેવે ખોલીયા હો જી
નરસિંહ બેઠો ભણે અલખના પાઠ (૨).. નિશ્ચય...





(સાખી)

*કુડા અને ઉંડા ઘણા, કામનાઓના કૂવા;*
*ગુરૂ મુખી કોઈ ચેતી ચાલે, નુંગરા ડૂબી મુંઆ.*

## ૭૭. કોઈ સંત માંજો માણે રે...

**(રાગ : મસ્ત બનીને બોલું રે....)**

કોઇ સંત માંજો માણેરે મૂરખાં ઘાંણી તાંણે રે
આંખે પાટા બાંધીને હો જી
ઘણું ફરે પણ આખર ત્યાંના ત્યાંજ (૨) ... કોઈ...

અવિધ્યાની ઘાંણી રે, અવળી જેની લાટ ફરે હોજી...
અવળા મનના ફોગટ ફરે છે ફેર (૨) ... કોઈ...

અહંકાર તેલી રે મેંલોને વળી ઘેંલો ઘણો હોજી
મેંલા મનના માનવ ખાવે ત્યાં માર (૨) ... કોઈ...

તૃષ્ણના તલ રે પીલે પણ તેલ નહિ હોજી
કામના કૂંડી કદિયે નહિ ભરાય (૨) ... કોઈ...

દાસ નરસિંહ કહે છે રે ચતુર સમજે શાનમાં હોજી
નુંગરા નરતો દિલડાં બારે દિન રાત (૨) ... કોઈ...



(સાખી)

*સદ્ ગુરૂ પ્રકટ પરમાત્મા, પ્રેમે સેવો ચરણ;*
*અવિદ્યા ટળે અનાદિની, ટળે જન્મ મરણ.*

## ૭૮. સદ્ગુરૂની શાને રે...

**(રાગ : મસ્ત બનીને બોલું રે...)**

સદ્ ગુરૂની શાને રે નિજ સ્વરૂપના ભાને રે
સજની મારે સુખ ગણું હો જી
સજની મારા દિલડાંમાં દરસ્યાં દેદાર (૨).. સદ્ ગુરૂ...

દેવોને દૂર્લભ રે એ પદ મારે સુર્લભ થયાં હો જી
પામ્યો હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ (૨).. સદ્ ગુરૂ...

જેના દર્શન માટે રે મોટા મુનિવર તપે ગણું હો જી
એતો મારે હરદમ થાય છે હજુર (૨).. સદ્ ગુરૂ...

અનંત યુગોનાં રે પૂન્ય મારે પ્રકટ થયાં હો જી
થઈ ગઈ મારે મંદિરીયે લીલા લ્હેર (૨).. સદ્ ગુરૂ...

દાસ નરસિંહ નિરખ્યાં રે નિજપદ ગુરૂગમથી હો જી
શુરતા મારી માલે સ્વરૂપની માંય (૨).. સદ્ ગુરૂ...





(સાખી)

*કામી, ક્રોધી, કંજુશ ને વળી, સંત વિરોધી શઠ;*
*નરસિંહ નિંદા ખોળી જનો, નર્કમાં જાવે જટ.*

## ૭૯. ભડકેને ભડકે લાગે રે તાંયે તુંના જાગે રે..

**(રાગ : મસ્ત બનીને બોલું રે....)**

ભડકેને ભડકે લાગે રે તાંયે તુંના જાગે રે
જીવલડા તૂજને શું કહું હો જી
જાગી જાને કાળજે લાગી તારે લાય (૨) ... ભડકે ને...

તૃષ્ણાના તાપણે રે સળગ્યા તારા સાથળા હો જી
હું મારાની લાયે લેવાયો તારો લાલ (૨) ... ભડકે ને...

અહંતાની હોળી રે ભભૂકીને ભડકો થયો હો જી
વિષય વાયું વાળે છે આડ વાંક (૨) ... ભડકે ને...

જડતાની જવારે રે હીરો તારો હોમાઈ રહ્યો હો જી
કબુધ્ધિ કાંચેલ વર્તાયો કાળો કેર (૨) ... ભડકે ને...

દાસ નરસિંહ કહે છે રે ચેતો કોઈ સંતજનો હો જી
નૂગરા જનને નડે છે ઝાઝાં પાપ (૨) ... ભડકે ને...



(સાખી)

**પ્રેમ શું જાણે પિત્તળ માનવી, જ્ઞાન શું જાણે ગમાર;**
**આતમ શું જાણે આંધળા, જે જાતના હોય ચમાર.**

## ૮૦. પ્રીયું વિના પલના રહેવાય રે...

**(રાગ : તારા વિયોગે ઝુરી મરીયે રે...)**


પીયુ વિના પલના રહેવાય રે હું શું કરુ સજની
મહીયરીયે ઘડીને રહેવાય રે હું શું કરુ સજની

પીયુ વિયોગ મૂંઝથી સહ્યો ન જાયે
દેહભાન ભૂલાય રે હું શું કરુ સજની... પીયુ વિના....

બાવરી બનીને હું તો ફરુ જગ માંહી
મારી વેદના કહી નવ જાય રે હું શું કરુ સજની... પીયુ વિના....

દુ:ખ ભર્યો દહાડો હું જેમ તેમ વિતાવું
રાતલડી કાળજાને કોળે રે હું શું કરુ સજની... પીયુ વિના....

નરસિંહ તલપે સદા હરિના વિયોગ
વિરહ જવાળા રગે રગમાં રે હું શું કરુ સજની... પીયુ વિના....





(સાખી)

**સદ્ગુરૂના ઉપદેશ થી નરસિંહ થયો આઝાદ;**
**ઘટઘટમાંહી આતમ ભાસ્યો જગ થયુ બરબાદ.**

## ૮૧. આજના અવસરેયે....

**(રાગ : દાંચલી વેરાના મને શાચબો સાંભરીચાજી....)**

આજના અવસરીયે પંખીડા ઘેર આવાં રે.. હે.. હે.. જી
હે જી છોડી પરદેશીયાંની પ્રીતો રે.. પંખીડા...
દેશીડાંના દ્વારે જઈને દિલડાં ખોલાં રે.. હે.. હે.. જી.. આજના.

માયાના માંડવે વિરા બહુ દિન માલ્યા રે.. હે.. હે.. જી
હેજી હવે સત્યના મારગડે આવાં રે... પંખીડા...
દયાના દરિયા સમા સદ્ગુરૂને સેવાં રે.. હે.. હે.. જી.. આજના.

સદ્ગુરૂના વચને માંઘેરાં મોતી ઓરાં રે હે.. હે.. જી.
હેજી ચંદન ચાંકમાં મોતીડા વાળાં હાટ રે... પંખીડા...
હંસલાની હાળોલાગી બગલાંના ગજના વાગે રે.. હે.. હે.. જી.. આજના.

દાસ નરસિંહનો હેલો મરજીવા કોઈ ઝીલાં રે હે.. હે..
હે જી તમે અલખના ઓરડે આવાં રે... પંખીડા...
હું પદની હોળી કરી હરિ સાથે ખેલાં રે.. હે.. હે.. જી.. આજના.



(સાખી)

પુરા તકદીર હોય તો, પુરા ભેટે સંત;
નરસિંહ પ્રકટ સદ્‌ગુરૂ, ભેટાડે ભગવંત.

## ૮૨. હે જી મુજને હાજર...

(રાગ : આજના અવસરીયે પંખીડા ઘેર આવાં રે...)

આજના અવસરીયે મને મારા સદ્‌ગુરૂ મલીયાં રે. હે. હે. જી...
હે જી મુજને હાજર બતાયો મારો દેવ મારા વિરા...
ગુરૂજીનાં જ્ઞાન મારા રૃદિયામાં રમ્યાં રે હે.. હે.. આજના

અનંત યુગોથી હું તો ભ્રમણામાં ભમતો રે. હે. હે. જી...
હે જી મારા ગુરૂએ દરશાયાં દેદાર મારા વિરા...
પ્રકટ પરખ્યાંને મારાં ભવ દુઃખ ભાગ્યાં રે હે.. હે.. આજના

કાયરે માયાથી કાંઈ પર પદ પરખ્યાં રે. હે. હે. જી...
હે જી મુજને ઓળખાયો આતમ હિરો મારા વિરા...
અમર લોકની મારે થઈ ઓળખાંણો રે હે.. હે.. આજના

ઘટોઘટ બ્રહ્મ એક સભર જણાયો રે. હે. હે. જી...
હે જી ભાગ્યા જીવ ઈશ્વરના ભેદ મારા વિરા...
પરોક્ષની પીડા મારા સદ્‌ગુરૂએ ટાળી રે હે.. હે.. આજના

દાસ નરસિંહ માણે માંઘેરી માંજોરે રે. હે. હે. જી...
હે જી મારા ગુરૂજી એ કીધેલો ન્યાલ મારા વિરા...
સત્ લોકની શાયબી મારા સદ્‌ગુરૂએ સાંપી રે હે.. હે.. આજના



(સાખી)

ખુદાઈ ખુંદામાં વહે, નયને વહે બ્રહ્મ નૂર;
નરસિંહ મસ્ત આતમ દશા, હરિ સદા હજુંર.

## ૮૩. આજરે અલખ મારી નજરોમાં આયા..

(રાગ : ઘૂંઘટે ઢાંક્યું રે એક કોડીયું...)

આજ રે અલખ મારી નજરોમાં આયા
હે જી મારા સદ્‌ગરૂના પ્રતાપજી... આજ રે અલખ...

ગુરૂગમ પાયાને મારે ભયારે ઉજાલા
મારે મટી ગઈ અંધારી રાત જી
હે જી ભ્રાંતિયો ભાગી સત્ય ભ્રહ્મતો દરશાયા
દરશાયા દેહાતિત જી... આજ રે અલખ...

ગલીયે ગલીયે મારે ઉડે રે ગમ શાણા
મારે આનંદ અપરમ્ પારજી
હે જી કોને રે કહું સુખ મારૂ કહ્યામાં ન આવે
વાણી તો શરમાયજી... આજ રે અલખ...

રોમે રોમમાં મારે રણુંકાર એનો
ભાસેના બીજું કાંઈ જી
હે જી અલખ નિરંજન શુદ્ધ સનાતન
આતમનો પ્રકાશજી... આજ રે અલખ...

દાસ નરસિંહ નિજ સ્વરૂપ પામી
ફૂંકી મેલ્યાં નામ રૂપજી
હે જી સચ્ચિદાનંદ સ્વરૂપ માંહી
મીઠડી માંજો માણું જી... આજ રે અલખ...

(સાખી)

સદ્ગુરૂ દેવે દયા કરી, અમર આપી બાદશાહી;
ત્રણે લોક તરણા તોલે, એવી સાંપી શહેનશાહી.

## ૮૪. મેં તો ઓઢી રે અમર ઓઢણી

(રાગ : ભણતર ભક્તિનાં ભણીયે રે...)

મેં તો ઓઢી રે અમર ઓઢણી
આઢી મારા સાવરીયા ગીરધારીના
સત્યનું સુતર સતસંગ સુરખો
વિવેકના વણાટે વણાવી રે.... મેં તો ઓઢી...

બ્રહ્મ રંગમાં ઝબોળીને
સ્વરૂપની છાપેથી છપાવી રે.... મેં તો ઓઢી...

કેવલ્ય કસબની કિનાર છે
છેડૂંલો સર્મ્યકથી ચમકે રે.... મેં તો ઓઢી...

પ્રેમનો પાલવ હેતનો હેઈડકો
ખોસ્યો મારા કાળજાની કોળે રે.... મેં તો ઓઢી...

અવિધ્યાનો ખેંચતી ઘૂંઘટો
પ્રીયુંજીથી પડદો તે શાના રે.... મેં તો ઓઢી...

નરસિંહ પહેર્યો ચૂંડીલો શ્યામનો
મઢિયાં માંય મહા પદનાં મોતી રે.... મેં તો ઓઢી...



(સાખી)

દુર્લભ દશા દેદારની, દુર્લભ સ્વરૂપ ધારા;
નરસિંહ વિરલ વિભૂતિ, ખોલે બ્રહ્મ દ્વારા.

## ૮૫. સુખના સાગરીયા છલકાયા...

(રાગ : પગ મને ધોવા દે રઘુરાય...)

સુખના સાગરીયા છલકાય જે નર સ્વરૂપમાં સમાયા
સુખના સાગરીયા છલકાયા જી
કાળનો માર વ્યાપે નહિ (૨) જે દેદારે ડૂબી જાય. સુખના....

દેહ નેહની બેડીયો તોડી તોડી અહંતા હઠીલી જી
આશા તૃષ્ણાના તાંતણા તોડી (૨) જે માલે મૂળ પદમાંય. સુખના....

ચર્મ ચક્ષુના પડળ ઉતારી દિવ્ય જયોતિ નિહાળે જી
સચ્ચિદાનંદ સ્વરૂપ માંહી (૨) જેની શુરતી ખુબ લ્હેરાય. સુખના....

બ્રહ્માકાર જેની વૃત્તિ વહે ધારા ધોધ અપારજી
સમ્રાટ થઈ સ્વરૂપે ખેલે (૨) જેને ખુમારી ના ખમાય. સુખના....

વાણી સુખનું વર્ણન કરતાં અવાક બની જાય જી
નરસિંહ નિજાનંદે માલે (૨) જયાં સ્હેજ સમાધી થાય. સુખના....



(સાખી)

***સંત ચરણની સેવા કરો, ભરી હૃદયમાં ભાવ;***
***વ્યાપક જાણી આત્મા, લૂંટો અનેરા લ્હાવ.***

## ૮૬. સંત ચરણની રજ છું રે....

**(રાગ : કોઇ સંત વિર લે પાઇ...)**

સંત ચરણની રજ છું રે ભાઇ, સંત ચરણની રજ છું
સદ્‌ગુરૂદેવ દર્યા કરી રે ભાઇ (૨) હો... હો...
ત્યારે નિજ સ્વરૂપમાં સ્થિર છું રે... ભાઇ સંત ચરણની..

મોટા દરિયા લ્હેરે ચડીયા ભાઇ (૨) હો... હો..
હે જી ભાઇ લ્હેરે ચડીયા, એ દરિયાની બુંદ છું રે.. ભાઇ સંત ચરણની..

મોટા મેરૂ અડગ પડીયાભાઇ (૨) હો... હો...
હે જી ભાઇ અડગ પડીયા, એ મેરૂની રજ છું રે... ભાઇ સંત ચરણની..

અખંડ જયોતિ સભર ચમકે ભાઇ (૨) હો... હો...
હે જી ભાઇ સભર ચમકે એ જયોતિનું કિરણ છું રે ભાઇ સંત ચરણની..





(સાખી)

***વિચારની વાટ બંધ કરી, શબ્દોનો આવ્યો છેડો;***
***મન વાણી જ્યાં મૌન ગ્રહ, ત્યાં નરસિંહ નાખ્યો ડેરો.***

## ૮૭. હેલી મારી...

**(રાગ : કોઇ સંત વિર લે પાઇ...)**

આવી સુખની લ્હેર હેલી, મારી આવી સુખની લ્હેર...
કહું તો કહેવાય નહિ (૨) સદ્‌ગુરૂ કીધી મ્હેંર. હેલી મારી....

મન મરીયું ને તન ઠરીયું વાણી કરેના વહેપારજી...
હું મારા સ્વરૂપમાં માલું (૨) આંકી જગનાં ઝેર. હેલી મારી....

આદિ અંત ને મધ્ય માંહી એક બ્રહ્મ અપારજી...
ભેદીયાંથી ઉકેલ નહિ (૨) એવી છે આ ઘેં. હેલી મારી....

નરસિંહ મસ્ત ફકીર બની મસ્તીમાં મલકાયજી...
વળગણ સઘળાં વાળી મેલ (૨) જાવું પોતાને ઘેર. હેલી મારી....



(સાખી)

**નરસિંહ ગુણાતીતનાં, શું ગાવે ગુણગાન;**
**પ્રકટ દશા સ્વરૂપની, વાણી સેવે મૌન.**

## ૮૮. એવા કાયાના પિંજરીયે રે...

**(રાગ : પહેલા પહેલા યુગમાં રે...)**

એવા કાયાના પિંજરીયે રે હંસા રાજા શીદને પડયા રે જી
એવા માયાના મારીયે રે હંસા રાજા શીદને ચડયા રે જી
હે જી ભૂલી નિજ સ્વરૂપનું ભાન રે હો.... હો.... એવા,

એવી જુંઠાંની જમાતે રે હંસા રાજા શીદને ભળ્યા રે જી
જુંઠાં તમને લઇ જાશે જમને દ્વાર રે હો.... હો.... એવા,

એવી અવિધ્યાની વાટે રે હંસા રાજા શીદને ચડ્યા રે જી
ભૂલી તમે અસલ ઘરની વાટ રે હો.... હો.... એવા,

એવી કાયાને માયા રે વાદળ કેરી છાંયડી રે જી
વિખરાઇ જાતાં લાગે નહિ એને વાર રે હો.... હો.... એવા,

એવા સંતોના ચેતાવ્યા રે હંસા રાજા ચેતજો રે જી
કરીલ્યાં તમે આતમની ઓળખાંણ રે હો.... હો.... એવા,

એવા નરસિંહના મનાવ્યા રે હંસારાજા માંનજો રે જી
આવો તમે અસલ ઘરની માંયરે હો.... હો.... એવા,



(સાખી)

**નરસિંહ દોલત દેદારની, મરજીવાને લાગે હાથ;**
**મનમાં મેલાં દિલનાં દુબળાં, ઘસે જગમાં હાથ.**

## ૮૯. જાવું છે હરિને ધામ...

**(રાગ : ગુરૂ મારા પાચારે પીચાલા...)**

જાવું છે હરિને ધામ, જાવું છે પ્રભુંને ધામ, જોઇ રે વિચારી
હંસા ચાલજો રે જી
જો જો ભૂલતા નહિ વાટો રે હો... હો... જાવું છે...

આડા ને અવળા રે અવિધ્યાના ડુંગરા રે જી
ભ્રમણાની ભૂલવણી ભારે રે હો... હો... જાવું છે...

કામ ક્રોધની ખાઇમાં રે મોટા મોટા પડી મૂંઆ રે જી
લોભની લપસણી શેરી રે હો... હો... જાવું છે...

સદ્‌ગુરૂ સથવારે રે શુંરા થઇને ચાલજો રે જી
તમે સત્યના મારગડે ચાલાં રે હો... હો... જાવું છે...

પરની પોળોમાં રે પગલાં ના માંડશાં રે જી
નરસિંહ નિજ સ્વરૂપે રહેજો રે હો... હો... જાવું છે...



(સાખી)

**પ્રકટ જ્ઞાનીની આજ્ઞા એજ કરમ ધરમને તપ;**
**નરસિંહ નિશ્ચય દ્રઢ થતાં, કર્મો ખપ્યાં તર્ત.**

## ૯૦. હાં રે મલ્યું માનવતું માંધેરૂ તન

**(રાગ : ભકતોના હૈયાનો હાર...)**

હાં રે મલ્યું માનવનું માંધેરૂ તન, હંસલા હરિને ભજી લે
હાં રે તું સ્થિર કરીલે તારૂ મન, હંસલા હરિને ભજી લે

દેવને દૂર્લભ એવું, માનવનું તન છે
હાં રે ફળ્યું પૂર્વ જનમનું પૂન્ય, હંસલા હરિને ભજી લે.
હાં રે મલ્યું....

પુત્ર પરિવાર મલ્યાં, રૂણાનું બંધે
હાં રે લેવા પૂર્વ જન્મનું રૂણ, હંસલા હરિને ભજીને.
હાં રે મલ્યું....

અંત કાળે તારે એકલા જવાનું
હાં રે સાથે પાપ અને પૂન્ય, હંસલા હરિને ભજીને
હાં રે મલ્યું....

હરિ ગુરૂ સંતની પૂર્ણ કૃપાથી
દાસ નરસિંહ સ્વરૂપમાં લીન, હંસલા હરિને ભજીને.
હાં રે મલ્યું....



(સાખી)

**દશા વિનાનાં દુબળાં, કરે વાણી વિલાસ;**
**મોહ પાશ છૂટે નહિ, છૂટે નહિ દેહાધ્યાસ.**

## ૯૧. સુખ સ્વરૂપનું ચાખાં


**(રાગ : તરવાનું જે કોઈ ચાહે...)**

અંતર વૃત્તિ રાખાં, સુખ સ્વરૂપનું ચાખાં,
બ્રાહ્મ દ્રષ્ટિને ત્યાગાં, સુખ સ્વરૂપનું ચાખાં.

બ્રાહ્મ દ્રષ્ટિથી જગત ભાસે
અંતર દ્રષ્ટિથી આતમ દરસે
ભેદના પડદા કાપાં, સુખ સ્વરૂપ નું ચાખાં, અંતર...

સ્થુલના નામ રૂપને ત્યાગાં
સુક્ષ્મના પણ ગુણને ત્યાગાં
ગુણાતિતને લાગાં, સુખ સ્વરૂપનું ચાખાં. અંતર...

દાસ નરસિંહ નિજ સ્વરૂપે જાગાં
પરના પડળને ગુરૂગમે ત્યાગાં
માંઘો અવસરના ચૂકાં, સુખ સ્વરૂપનું ચાખાં. અંતર...



(સાખી)

**રહીએ ઉન દેશમાં, જયાં કાળ ભરે નહિ ડગલાં;**
**નરસિંહ દશા દેદારની, શું જાણે જન પગલાં.**

## ૯૨. સિદ્ધિયો કોઈ સંત પાવે....

**(રાગ ઃ હેલી આરે આંગડીયાં લાભનાં....)**

હેલી સ્વરૂપ સિદ્ધિરે કોઇ સંત પાવે
જેને અન્ય સિદ્ધિયો તરણા તોલે રે, અગમ ઘર ખોલે રે,
સિદ્ધિયો કોઈ સંત પાવે....

હેલી દેહ રે મૂકીને દેદારે માલે
જેની વૃત્તિ અખંડ સ્વરૂપમાંય રે, બ્રહ્માનંદ ઉભરાય રે
સિદ્ધિયો કોઈ સંત પાવે....

હેલી ઈન્દ્ર સરીખો લાગે બાપડો
બ્રહ્મા સરીખા લાગે જયાં ભીખારી રે, ચડી બ્રહ્મ ખુંમારી રે
સિદ્ધિયો કોઈ સંત પાવે....

હેલી જગનાં દ્વંદો દુઃખ આપે નહિ
જેનાં અસિપદમાં ચિત્તડાં ગળ્યા રે, મહાપદે ઠર્યા રે
સિદ્ધિયો કોઈ સંત પાવે....

હેલી દાસ નરસિંહને સાચા સંત મલ્યા
જેમની દયાથી ખૂલ્યાં દ્વાર રે, ખેલે ખાંડાધાર રે
સિદ્ધિયો કોઈ સંત પાવે....



(સાખી)

**નહિ હમ હિન્દુ નહિ મુસલમાન, નહિ ભોગી કે યોગી;**
**નરસિંહ નામ રૂપ વર્ણથી ન્યાળી, જાગી આતમ જયોત.**

## ૯૩. રામ રહિમ તું એક જ છે....

**(રાગ ઃ ઘટઘટમાં મારોવાસ....)**


મને આજ થઈ ઓળખાણ, રામ રહિમ તું એકજ છે.
મારા ખૂંલી ગયા ભીતર દ્વાર, રામ રહિમ તું એકજ છે.

તું છે અલ્લા તું છે ઈશ્વર, તું છે ઈસું ભગવાન
તું છે કૃષ્ણ તું છે કરિમ (૨) તું છે બૌધ્ધ ભગવાન
રામ રહિમ....

તું છે મહમંદ તું છે મહાવીર, તું છે શીવ મહાદેવ
ઘટઘટ ભીતર સઘળે તું છે (૨) તું છે આતમ રામ
રામ રહિમ....

તું છે આગળ તું છે પાછળ, તું છે ચારે કોર
અખિલ બ્રહ્માંડે તારી લીલા (૨) જાણે જાણનહાર
રામ રહિમ....

સત્ચિત્ત આનંદ સ્વરૂપ સઘળે, વ્યાપક બ્રહ્મ અપાર
અણું અણુંમાં નરસિંહ નિરખે (૨) સદ્ગુરૂ મલ્યા દયાળ
રામ રહિમ....



(સાખી)

*વૃત્તિ વહે સ્વરૂપમાં, જગત સ્વરૂપનું ઉડી જાય;*
*નરસિંહ અખંડ બ્રહ્માંડમાં, બ્રહ્મ જયોતિ લ્હેરાય.*

## ૯૪. તને તું જાણજે....

**(રાગ : હરિ રસ લાગે રે હો મીઠો....)**

તને તું જાણજે રે હો આત્મા
જાણ્યા વિના રહી જાશો વાટમાં
તને તું જાણજે....

પાંચ તત્ત્વ તણો આ દેહ છે.
તેને પોતે માનીને પડયો ઘાટમાં
તને તું જાણજે....

મન બુધ્ધિ ઈન્દ્રિયો પર પ્રકાશ છે
માલે સઘળાં એ તારા પ્રકાશમાં
તને તું જાણજે....

અખીલ બ્રહ્માંડમાં તારોજ વાસ છે.
નરસિંહ જાણીને રહેજે સ્વરૂપમાં
તને તું જાણજે....





(સાખી)

**હરિ ગુરૂ સંતની દયાથી, થયુ સ્વરૂપનું જ્ઞાન;**
**જીવ ઈશ્વરના ભેદ ટળ્યા, થયું અભેદ જ્ઞાન.**

## ૯૫. હરિના જનતો તેને કહીયે....

**(રાગ : પરમ કૃપાળું દિન દયાળું....)**

હરિના જનતો તેને કહીયે
નિરખે હરિનું રૂપ સઘળે

ભેદના પડદા દૂર કરીને
ભાળે બ્રહ્મ સ્વરૂપ સઘળે

તન મન ધન સદ્‌ગુરૂને સાંપી
જ્ઞાનામૃતની પીવે પ્યાલી
રહે છે હરિ હજુર સઘળે.... હરિના જનતો....

હરિ પોતામાં પોતે હરિમાં
હરિજન જુવે હરિને સૌમાં
ખોલે મોક્ષ દ્વાર સઘળે.... હરિના જનતો....

દેહાત્મ બુધ્ધિ દૂર કરીને
નિજાત્મામાં સ્થિર બનીને
નરસિંહ નિરખે સ્વરૂપ સઘળે.... હરિના જનતો....



(સાખી)

પ્રકૃતિનો પતિ છું, બ્રહ્માંડનો છું ભૂપ;
નરસિંહ પ્રકટ આત્મા , સચ્ચિદાનંદ સ્વરૂપ.

## ૯૬. મિથ્યા સંસારમાં હો.

(રાગ : હરિના નામનો હો....)

મિથ્યા સંસારમાં હો અમે ના માલીયે
જુઠા જગતમાં હો અમે ના માલીયે

અમેના માલીયે અવિદ્યાને ટાળીયે
માયાના મેદાનમાં હો અમે ના માલીયે મિથ્યા.

સ્વપ્નાની શાયબીમાં ભાન નવ ભૂલીયે
ભ્રમણાની જાળમાં હો અમેના માલીયે મિથ્યા.

નરસિંહ નિજાનંદમાં ખેલે ગગનમાં
જુંઠાની જમાતમાં હો અમેના માલીયે મિથ્યા.





(સાખી)

હરપલ સ્વરૂપે રહું, છોડી દેહાધ્યાસ;
નરસિંહ ત્રણે કાળમાં, કાળ ના આવે પાસ.

## ૯૭. આત્માને જાણતા હો...

(રાગ : હરિના નામનો હો....)

આત્માને જાણતા હો... અમર થવાય છે.
એકને જાણતાં હો... અનેક ઓળખાય છે...

સદ્‌ગુરૂને સેવતાંને જ્ઞાનમૃત ગોળતાં
દેહભાવ છોડતાં હો અમર થવાય છે. આત્માને...

હું ને મારૂ છોડતાં ને શુંરતી જગાડતાં
સ્વરૂપમાં માલતાં હો અમર થવાય છે. આત્માને...

સ્હેજ દશા પામતાંને દેદારમાં ડૂબતાં
નરસિંહ નિજાનંદમાં હો અમર થવાયા છે. આત્માને...



(સાખી)

**અલમસ્ત આતમ દશા, અન્ય કાંઈ રૂચતું નથી;**
**નરસિંહ નિજાનંદ સિવાય, બીજું કાંઈ ખપતું નથી.**

## ૯૮. આજે અમારા મંદિરીયામાં


**(રાગ : આજે સૌને જયશ્રી કૃષ્ણ....)**

આજે અમારા મંદિરીયાંમાં
આનંદ મંગળ વર્તે રે...

સતસંગ દ્વારા સત્ય સમજાવી, જીવના શિવ બનાવે રે
દ્વૈતના પડદા દૂર કરીને સૌમાં એક જણાવે રે... આજે...

જ્ઞાન અંજન આંખે આંજી, બ્રહ્મ દર્શન કરાવે રે
ગલીયે ગલીયે પોળે પોળે પ્રેમનાં પૂર ઉભરાવે રે... આજે...

નરસિંહ હરિગુરૂ સંત કૃપાથી, બ્રહ્મ દ્વાર ખોલે રે
દેહને દુનિયા દૂર કરીને નિજ દેદાર માલે રે... આજે...





(સાખી)

**નરસિંહ મોક્ષ સહજ છે, મળીયા મોક્ષ દુલારા;**
**ચાવી આપી સ્વરૂપની, ખૂલ્યા અંતર ખજાના.**

## ૯૯. હું ને ખોયા વિના રે...

**(રાગ : આત્માને ઓળખ્યા વિના રે...)**

હું ને ખોયા વિનારે હરિ તમને નહિ મલે રે જી...
ખોટું ખોયા વિનારે ખરાની ખબર નહિ પડે રે જી...
અખંડ વસ્તું ગુરૂગમથી ઓળખાય (૨) હું ને ખોયા વિના રે...

અહંના આંઠે રે આતમ હિરો ઢંકાઈ રહ્યો રે જી...
કુંડલ આંઠે જેમ કનક ઢંકાય (૨) હું ને ખોયા વિના રે...

દેહના અધ્યાસે રે દેદાર તારાં દરસે નહિ રે જી...
ઘાટ આંઠે અઘાટ વસ્તું છુંપાય (૨) હું ને ખોયા વિના રે...

મહા સાગર તરિયે રે, મોંઘા મૂલના મોતીડાં રે જી
માથાં મૂંકી મરજીવા લેવે હાથ (૨) હું ને ખોયા વિના રે...

સદ્ગુરૂના શરણે રે નરસિંહ હું ની હોળી કરે રે જી..
બારી મેલી વણ મૂળીયાં વારી વેલ (૨) હું ને ખોયા વિના રે...



(સાખી)

*સનમાને હર્ષ નહિ, અપમાને નહિ શોક;*
*નરસિંહ મસ્ત ફકીરને, જાણે વિરલા કોક.*

## ૧૦૦. દેહ ભાવ છોડાં રે હો આત્મા

(રાગ : સત સંગ સેવાં રે હો જીવડાં....)

દેહ ભાવ છોડાં રે હો આત્મા
શાને જીવ બનીને પડયા ધાટમાં... દેહભાવ....

અલ્યા જીવ નથી તું તો શિવ છે રે લોલ
અન શે જન્મ મરણથી રહિત જો... દેહભાવ....

અલ્યા દેહ એતો એક મ્યાન છે રે લોલ
અન હે મ્યાનથી ન્યાળી તલવારજો... દેહભાવ....

અલ્યા અજા નથી તું તો સિંહ છે રે લોલ
અન હે ગુરૂગમે જો નિજ રૂપ જો... દેહભાવ....

અલ્યા નરસિંહ સદ્‌ગુરૂજીને સેવતાં રે લોલ
અન હે પામ્યો સચ્ચિદાનંદ સ્વરૂપ જો... દેહભાવ....



(સાખી)

*આપો નહિ તાપો નહિ, નહિ કરમની ઝાળ;*
*નરસિંહ અક્રમ આત્મદશા, શું જાણે સંસાર.*

## ૧૦૧. હંસા કાયા નગર લેજો ઘેરી..

(રાગ : સાધું સહેજ સમાધી લાગી....)

હંસા કાયા નગર લેજો ઘેરી
માંહી ચોરી ફરે છે તોફાની તોફાની... હંસા કાયા..

કામ ક્રોધ લોભ ચોર છે ભારી, માયાને મમતા ઠગારી
લાલચ લલના સૌને લોભાવે (૨)
લાખો ગયા છે હારી... હંસા કાયા..

મન ઘોડા પર હોશિયાળ થઈને, આજ કરોને સ્વારી
સંકલ્પ વિકલ્પની લગામ ઝાલી (૨)
સત્યની સમશેર લેજો ધારી... હંસા કાયા..

જ્ઞાનના ગોળા તપની તોપો, ધર્મના બકતર પહેરી
શુંરા થઈને પડો મેદાને (૨)
શત્રુઓ મૂકો ભગાવી... હંસા કાયા..

ધ્યાન ધનુષ્ય ગુરૂગમે ધારી, શુંરતા કમાન ચડાવી
નવ દરવાજા બંધ કરીને (૨)
દસમે જયોત જગાવી. હંસા કાયા..

નિર્ભય નગારાં આજ વગાડાં, આજ આનંદ હેલી
દાસ નરસિંહ કહે સદ્‌ગુરૂ શબ્દે (૨)
કાળના માથે મેખ મારી... હંસા કાયા..

(સાખી)

*હું ને હરિ એક થયા, થઈ આનંદની હેલી;*
*નરસિંહ સુંખને શું કહે, બંધ પડી ગઈ વાણી.*

## ૧૦૨. દેહભાવ છોડતાં હો...

**(રાગ : હરિના નામનો હો....)**

દેહભાવ છોડતાં હો... કેવળ હું આત્મા...
હું ને હું માં હોમતાં હો... કેવળ હું આત્મા...

કેવલ હું આત્મા શુધ્ધ સ્વયં મહાત્મા
દેહાતિત દેશમાં હો... કેવળ હું આત્મા... દેહભાવ...

મન બુધ્ધિ ઈન્દ્રીયો સૌ મૂજથી પ્રકાશતાં
વાચના મૂળીયું બાળતાં હો કેવળ હું આત્મા... દેહભાવ...

ભેદ ભ્રાન્તી ટાળતાં ને દેદારે માલતાં
પરનું પડળ ટાળતાં હો કેવળ હું આત્મા... દેહભાવ...

ગુરૂજ્ઞાન ગોળતાં ને દેદારે માલતાં
નરસિંહ નિજાનંદમાં હો કેવળ હું આત્મા... દેહભાવ...





(સાખી)

*નરસિંહ તારા નિજ દેદારે, અઢળક માલ ભરીયો;*
*સારી દુનિયા મોજ ઉડાવે, એવો માલ મલીયો.*

## ૧૦૩. સુખનો સાગર સ્વરૂપ છે રે....

**(રાગ : વાણીના વનમાં ભૂલા પડયા રે...)**

સુખનો સાગર સ્વરૂપ છે રે...
પરમાં દુઃખો અપાર રે હો આત્મા
જાગીને જો નિજ રૂપને રે.. સુખના...

અજર અમર તું અખંડ છે રે...
ખંડીત સકલ બ્રહ્માંડ રે હો આત્મા
જાગીને જો નિજ રૂપને રે.. સુખના...

બ્રહ્માંડ રૂડું આખું બ્રહ્મથી રે...
બ્રહ્મ શાને કર્મે કૂટાય રે હો આત્મા
જાગીને જો નિજ રૂપને રે.. સુખના...

તું જ થી બીજું એ તારી કલ્પના રે...
લોકા લોકનો જ્ઞાયક રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સુખના...

નરસિંહ અભેદ પંથે આવતાં રે...
ઝીલે નિજ સુખનો સાગર રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સુખના...

(સાખી)

**નામ રૂપ ગળી ગયાં, રહ્યો નહિ કોઈ આકાર;**
**નરસિંહ સચ્ચિદાનંદ આત્મા, વ્યાપક અપરંમપાર.**

## ૧૦૪. સચ્ચિદાનંદ સ્વરૂપ છે રે...

**(રાગ : વાણીના વનમાં ભૂલાં પડ્યા રે...)**


સચ્ચિદાનંદ સ્વરૂપ છે રે..
શાને ભૂલે નિજ ભાન રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

ચાર દેહો તે તો તું નહિ રે
તું છે દેહાતિતરે રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

ચાર વાણી તેતો તું નહિ રે
મન વાણીથી પાર રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

ચાર અવસ્થા ઓ તું નહિ રે
તું છે ત્રિકાળ એક રે આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

દાસ નરસિંહ ગુરૂગમથી રે
અનુભવીને ઓળખાય રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...





(સાખી)

**નરસિંહ તારા નિજ દેદારે, અઢળક માલ ભરીયો;**
**સારી દુનિયા મોજ ઉડાવે, એવો માલ મલીયો.**

## ૧૦૫. છંદ...

**(રાગ : રેખતા છંદ...)**

પવિત્ર બાળકને માનવ મીટાવી
કિધા હિન્દુ મુસલમાન ખ્રિસ્તી

ભેદી વાડાનું ભૂત વળગાડી
કોટે બાંધી કંઠી


કોઈ સુનત કરાવે ચોકડી રાખે
કોઈ રાખે છે ચોટી

માલીક શું નવરો ન્હોતો
જગમાં ગાલી આંટી

એક જ આત્મા સચરાચરમાં
સૌને રહ્યો પ્રકાશી

ભેદીવાડાને પડયા મૂકી
જાગો કોઈ સદ્ભાગી

નિજાનંદી નરસિંહ કહે છે
ઓળખો કોઈ અવિનાશી.



(સાખી)

*ખુદાઈ ખુદામાં વહે, નયને વહે બ્રહ્મ નુર;*
*નરસિંહ મસ્ત આમત દશા, હરિ સદા હજુર.*

## ૧૦૬. હંસા જીવન મુક્ત થઈ...

**(રાગ : હંસા હદરે છોડ તો હરિ મળે રે જી...)**

હંસા જીવન મુક્ત થઇ જગમાં રહ્યા હો જી..
જેની વૃત્તિ અખંડ બ્રહ્માકાર મારા વિરા રે...
દુર્લભ દર્શન એવા સંતની રે જી.. હંસા...

હંસા દેહ રે છતાં વિદેહી રહ્યા હો.. જી..
ગાળ્યાં જ્ઞાન હિમાળે હાડ મારા વિરા રે
જીવતાં જીત્યો જેને કાળ ને રે જી
જેનાં બેસણાં બાવન બાર મારા વિરા રે..
દુર્લભ દર્શન એવા સંતની રે જી... હંસા...

હંસા પ્રત્યક્ષ પામ્યા જે પર બ્રહ્મ ને હો જી...
જેના હૈયે હરિ હજુર મારા વિરા રે
અમી રે ઝેર જેના અંગમાં રે જી
જેને દેખીને ઠરે આપણાં નયન મારા વિરા રે.
દુર્લભ દર્શન એવા સંતની રે જી.. હંસા...

હંસા હાટે રે હાટે હિરા ના મલે રે જી
ના હોય કંચન કેરા પહાડ મારા વિરા રે..
કેસરી સિંહોનાં ટોળાં ના ફરે રે જી
તમે નરસિંહ સંસારે વિરલા સંત મારા વિરા રે..
દુર્લભ દર્શન એવા સંત ના રે જી.. હંસા...



(સાખી)

*ઉદય કર્મોને આમંત્રુ છું, આવો તમે આ વાટ;*
*નરસિંહ અવિચળ આતમા, છેલ્લો છે અવતાર.*

## ૧૦૭. માંજો રે માણીયે...

**(રાગ : હંસા હદરે વોડા તો હરિ મળે....)**

હંસા ચાલાં રે જઇયે નિજ દેશમાં હો જી..
છોડી પરદેશી કેરી પ્રીત મારા વિરારે
માંજો રે માણીયે મહાપદની રે જી..

છોડી કાયા માયાના કોડ મારા વિરા રે
અલખ ના ઓરડા ઉગાડીયે હો જી..
માંજો રે માણીયે મહાપદની રે જી.. હંસા...

હંસા અલખના ઓરડે અખંડ દિવડા હો જી
જયાં થાવેના રાત કે પ્રભાત મારા વિરા રે
ત્રીકાળ જયોતિ જયાં જળ હળે રે જી..
જેનો તેજ છે અપરમ્ પાર મારા વિરા રે
માંજો રે માણીયે મહાપદની રે જી.. હંસા...

હંસા પાંખ રે વિના આપણ ઉડીયે હો જી
પગ વિના કાપીયે ઝાઝો પંથ મારા વિરા રે
આંખ રે વિના અલખ ઓળખીયે હો જી..
ઓળખાણ કરીને પામીયે અલખ મારા વિરા રે
માંજો રે માણીયે મહાપદની રે જી... હંસા...

હંસા ગુરૂની દયાથી નરસિંહ ગાય છે રે જી
ફૂલ પહેલાં આવેલાં મારે ફળ મારા વિરા રે
આ વાતો રે વિચારે કોઇ વિરલા રે જી..
જેને સદ્‌ગુરૂ મલીયા દ્‌યાળ મારા વિરા રે
માંજો રે માણીયે મહાપદની રે જી.. હંસા...

(સાખી)

**આપો નહિ તોપો નહિ, નહિ જગતની છાપો;**
**નરસિંહ કેવળ આત્મા, અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્યો.**

## ૧૦૮. જ્ઞાન મારા ગુરૂજીનું

**(રાગ : વાલા મારા હૈયામાં રહેજો....)**

જ્ઞાન મારા ગુરૂજીનું ન્યારૂ, ઘટોઘટ બ્રહ્મ ને ભારૂ
દેહાતિત દેદાર મારૂ, ઘટોઘટ બ્રહ્મને ભારૂ

સદ્‌ગુરૂ દેવે દયા કરીને સુતો દીયો રે જગાય (૨)
અનંત કાળનું સ્વપ્નું ઉડયું, ઉગ્યો અનુભવ ભાણ રે... જ્ઞાન...

અખિલ બ્રહ્માંડમાં એક જ આતમ, ખેલે નિરાધાર (૨)
સચ્ચિદાનંદ સ્વરૂપ સઘળે, ગુરૂગમથી દરશાય રે... જ્ઞાન...

આદિ અંતને મધ્ય માંહી, ચેતન સભર જણાય (૨)
દાસ નરસિંહ દેહથી ન્યાળાં, નિરખ્યાં નિજ દેદાર રે... જ્ઞાન...





।। ૐ શ્રી તત્સત્ ।।
।। ૐ શ્રી ગણેશાય નમઃ ।।

# સાખી સંગ્રહ

૧. "નરસિંહ" દયા ગુરૂદેવની, દરસ્યાં નિજ દેદાર
અજર અમર હુ આત્મા, વ્યાપક અપરંપાર.

૨. સચ્ચિદાનંદ હું આત્મા, પોતે સ્વયં પ્રકાશ
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ વિશે, પડે મારો પ્રકાશ

૩. જ્ઞાની ત્રિકાળ ભાણ છે, જ્ઞાની મોક્ષ દાતાર.
પ્રકટ જ્ઞાની ના બોધ વિના, થાય નહિ ઉધ્ધાર

૪. ઈન્દ્રીયો જીતે તે જૈન છે, મન જીતે તે મુની સંત
'નરસિંહ' અહંમ ગાળે તે, અરિહંત યા ભગવંત્

૫. ઠરે વૃત્તિ સ્વરૂપમાં, ક્ષણમાં સંસાર જાય,
નરસિંહ જીવન મુક્ત દશા, આવાગમન ટળી જાય

૬. મનવાણીથી પર રહો, સ્વરૂપે રહો સદાય
નરસિંહ વાણી વિલાસથી, તૂટે સ્વરૂપ પ્રવાહ

૭. આત્મા આત્મામાં જ રહે, તેજ ધર્મ ધ્યાન છે.
પર ને કલ્પી પરમાં રમે, એ તો પરધર્મ છે.

૮. હરપલ હાજર હરિ, છતાં બતાવે દૂર
પરોક્ષથી પીડાય જે, તેનાથી રહીએ દૂર.

૯. ખબર નથી નિજ ખજાનાની, કંગાલ થઈને ફરે
સદ્‌ગુરૂ જો ચાવી આપે તો સહેજે શહેનશાહ ઠરે.

૧૦. નરસિંહ તારા શ્વાસની, કોણ ચલાવે ધમણ
અંતરવૃત્તિ કરીને, કર સ્વરૂપે રમણ

૧૧. નરસિંહ દેહભાવ છોડીને, સ્વયં સ્વરૂપ સંભાળ
અનેક જન્મો દેહ અર્થે ગયા, છોડો આળપંપાળ.

૧૨. નરસિંહ નિજ સ્વરૂપને, જાણે વિરલા કોક
જાણે તે જનમે નહિ, માણે અમર લોક.

૧૩. નરસિંહ અખિલ બ્રહ્માંડમાં, વ્યાપ્ત આત્મા અપાર
અખંડ, અવિચળને, શુ જાણે સંસાર.

૧૪. ઝૂકી પડો ગુરૂ શરણમાં, મુકી તન,મન,ધન
અવસર આવો નહિ મળે, નહિ મળે માનવ તન.

૧૫. માથાંકુટી મરી જશો, છૂટે નહિ જન્મ મરણ
માટે આત્મ ચિંતન કરો, સેવો ગુરૂ ચરણ.

૧૬. સદ્ગુરૂ દીન દયાળ, ધન્ય ધન્ય તારી દાતારી
ભવસાગરમાં બૂડતાં, આજ લીધો ઉગારી.

૧૭. સદ્ગુરૂના શરણમાં, કોટિકોટિ પ્રણામ
મુજ પામર દયા કરી, ટાળ્યા આવા ગમન.

૧૮. ત્રણકાળ સ્વરૂપમાં, જ્યાં માન નહિ અપમાન
સ્વપ્નાં જ્યાં સતાવે નહિ, તે જાગેલો જાણ.

૧૯. હુ,તૂ,તે,ની કલ્પનાથી, બ્રહ્મના ટુકડા થાય નહિ
સભર એક આતમાં, દ્વૈતથી દેખાય નહિ.

૨૦. લૌકિક સબંધ તૂટતાં, બ્રહ્મ સબંધ બંધાય
બ્રહ્મ સબંધ બાંધતાં, જન્મ મરણ જાય.

૨૧. વેદ જાણે પૂરાણ જાણે, જાણે ગીતાનું જ્ઞાન
જાણનાર ને જાણે નહિ, ત્યાં શુ કરે કુરાન.



૨૨. નિર્મળ જેનાં નયણાં, નિર્મળ જેની વાણી
નરસિંહ નિજ સ્વરૂપમાં, નિર્મળ વૃત્તિ સમાણી.

૨૩. દેહના કોડીયાં જુવે નહિ, જુએ સ્વયં જ્યોતિ
સર્મ્યક દર્શી સંતની, મુક્તિ સદાયે દાસી.

૨૪. જોયું ને જાણ્યું ઘણું, ગાયું પરનું ગાણું
માલની જાત જાણ્યા વિના, ગદ્ધે લગડું તાણ્યું.

૨૫. પરનાં ગીતડાં ગાઈને, મરખા તોડે સાદ
નરસિંહ નીજ અનુભવ વિના, ખાતામાં ઘણી ખાદ્ય.

૨૬. શીખી સાંભળી સતસંગ કરે, વાગે જાણો ટેપ
નરસિંહ પ્રગટ દશા વિના, જાણો ભાંભરે ભેંસ.

૨૭. ખુશામત કરી દેવોની, દેવોના બલિ બનશો નહિ
ભૂલી અખંડ આતમા, જન્મે મરણમાં પડશો નહિ.

૨૮. અનુભૂતિ વિનાનો આથડે, વણદીઠી કરે વાતો
દેહની દૂણી માથે કરી, ગીત પરાયાં ગાતો.

૨૯. નરસિંહ પ્રકટ સદ્ગુરૂ, ખોલે અખંડ ખજાનો
ન્યાલ કરે નીજ ભક્તોને, આપે માલ પરાનો.

૩૦. સ્વરૂપ દશા પ્રકટતાં, દ્રષ્ટિમાં પ્રકટ્યા દ્રષ્ટા
નરસિંહ હરપલ નયણાં આગળ, બ્રહ્મ કરે છે લટકાં.

૩૧. પ્રકટે ગુણ આતમાના, તે માલે નિજ આત્મામાં
પ્રકટ વિનાનાં પાંગળાં, કરેવલોણાં થૂંકનાં.

૩૨. દેહ વિનાની દેદાર દશા, પામે વિરલા કોક
દેહ અધ્યાસ છૂટ્યા વિના, સઘળી વાતો ફોક.

૩૩. સ્વરૂપ સિંહ જાગ્યા વિના, ઈંદ્રિયો કરે તોફાન
આત્મા કેસરી જાગતાં, ઈંદ્રિયા મન અમન.

૩૪. શુષ્ક વાણી વિલાસથી, છૂટે ન અવિધા પાશ
નરસિંહ પ્રકટ જ્ઞાની વિના, છૂટે ન દેહાધ્યાસ.

૩૫. સ્વયં સ્વરૂપની સાયબી, અદ્‌ભૂત અમીનો પ્યાલો
નરસિંહ નુગરાને પચે નહિ, ઓછે કાચો પારો.

૩૬. જપ કરો તપ કરો હોમ હવન
નરસિંહ આતમ જ્ઞાન વિના ટળેના આવાગમન.

૩૭. માનવ દેહ મલવા છતાં, પાયાં નહિ નીજ દેદાર
ભારે મારી માવડી, ધિક પડયો અવતાર.

૩૮. દ્રષ્ટિની સૃષ્ટિમાં ભૂલી, ભેદીયાં ભટકે ઘાટમાં
અઘાટ આતમા ઓળખો, આતમા એજ પરમાત્મા.

૩૯. નરસિંહ નીજ સ્વરૂપ પામતાં, તત્કાળ મોક્ષ થાય
જેમ નિંદ્રાથી જાગતાં, સ્વપ્ના તણુ દુઃખ જાય.

૪૦. વસ્તુની જેમ વીસરાય છે, નિજ દેહનું ભાન
નરસિંહ સ્વયં સ્વરૂપમાં, રહે ને બાહ્ય ભાન.

૪૧. અપૂર્વ દશા દેદારની અપૂર્વ સ્વરૂપ ધારા.
દાસ નરસિંહ ગુરૂ ગમે, ખેલે બાવન બારા.

૪૨. સ્ત્રી અને પુરૂષ ભાસે, ત્યાં નહિ આતમ જ્ઞાન
કેવલ આત્મા આત્મામાં જ રમે, તો પામે નિર્વાણ.

૪૩. સ્વરૂપ દશા પ્રકટતાં, પરની આશા મરે
બ્રહ્માંડ આખુ ભાગી પડે, પણ કાળ એને ના નડે.



૪૪. આત્મા સદા મુક્ત છે, અહંથી મૂક્ત થવાનું છે
દેહાત્મા બુધ્ધિ ત્યાગીને, પોતે પોતામાં ઠરવાનું છે.

૪૫. અનંત કાળથી અથડાયો, જાણ્યો નહિ હું કોણ
પ્રકટ જ્ઞાનીની કૃપા થતાં, પામ્યો પદ નિરવારણ.

૪૬. ધારાના અદ્‌ભૂત ધોધ, અંતરમાં ઉભરાય છે
દાસ નરસિંહ નિર્ભય થઈને, સોહમ સોહમ ગાય છે.

૪૭. ચાવી આપી સદ્‌ગુરૂ, બ્રહ્માંડ નાખ્યું ખોલી
નરસિંહ સોહમ સીડીએ, પ્રકટ વસ્તુ મલી.

૪૮. સ્થૂલ સૂક્ષ્મને કારણ એતો કેવલ એક કવર છે
નરસિંહ નિજ સ્વરૂપતો, સત્ય સ્વયં સોહમ છે.

૪૯. નરસિંહ નજરો નજર ભાળે, એક પંખી બ્રહ્માંડ હલાવે.
દેવ-દાનવને મોટા માનવ, સૌને પાઠ ભણાવે.

૫૦. મૂળ વિના એક તરૂવર માલે, નરસિંહ નજરે ભાળે
લાખો લોકો ઝૂરી મરે, કોઈ વીરલા ફળ પાવે.

૫૧. અનન્યની અનુભૂતિ આગળ, પંડિતાઈ ભરે પાણી
પંડિતાઈ બુધ્ધિથી નભે, આત્માની સ્વયં છે શહેનશાહી

૫૨. સત્પુરૂષ કહો યા પરમાત્મા, અલ્લા કહો કે ઈશ્વર
ઘટો ઘટ પ્રકટ આતમા, નરસિંહ દેહ છે નશ્વર.

૫૩. નરસિંહ સત્પુરૂષની, દેવો કરે છે પૂજા
ગંગા એમનાં ચરણ પખાળે, ચંદા સૂરજ દીવા.

૫૪. આંધળા કદી દેખે નહિ, સોળ કળાનો ભાણ
નરસિંહ પ્રકટ પરમાતમા, મુર્ખા ફરે અજાણ.

૫૫. પરનો પડદો તૂટ્યા વિના, અલખનો અખાડો ખૂલે નહિ
અલખનો અખાડો ખૂલ્યા વિના, અદ્વૈત દર્શન થાય નહિ.

૫૬. નરસિંહ અખિલ બ્રહ્માંડમાં, અચરજ એક જોયું
જડના એક ચાડીયાને, જગત આખુ મોયું.

૫૭. કયાંથી આવ્યો, કયાં જાવુ છે તારે
નરસિંહ કહે કહેતો જાને, શુકામ આંટા મારે.

૫૮. સર્વાત્મભાવ હૃદયે ધરી, સઘળે સ્વરૂપ નિહાળો
નીજ આતમા ને પ્રકટ જાણી, સેવા ધર્મ સ્વીકારો.

૫૯. ઉંડા કૂવે નીર ઘણાં, પણ સ્વયં વહે કોક
નરસિંહ સંસારે સંત ઘણા, પણ પ્રકટ સ્વરૂપે કોક.

૬૦. સ્વયં સ્વરૂપની સાયબી, સદ્‌ગુરૂ દેવે સોંપી છે
નરસિંહ ઝાઝુ શુ કહે, સમ્રાટ શહેનશાહી છે.

૬૧. ઘેટાં મારે બકરા મારે, વનચર મારે સિંહ
નરસિંહ કહે કાળને મારે, સાચો તે નર-સિંહ.

૬૨. નરસિંહ પ્રકટ પારસમણિ, આંધળા ઓળખે નહિ
દેહ થઈને આથડે, તેનું કામ નહિ.

૬૩. દેવ દેવી દુભાવે નહિ, કાળનું નાવે આણું
બ્રહ્મા, વિષ્ણુ, સ્વયં શીવ ભજે, નરસિંહ પદ નિરાણું.

૬૪. સદ્‌ગુરૂ દેવે દયા કરી; પાયી અમર પિયાલી
નરસિંહ રોમે રોમમાં, રહે બ્રહ્મ ખુમારી.

૬૫. સ્વયં સ્વરૂપે આ રૂઢ છું. દેહ છે રાખની ઢગલી
નરસિંહ મસ્ત નિજાનંદે, ચડી બ્રહ્મ ખુમારી



૬૬. સ્વયં સ્વરૂપે પ્રકટ છું, આદી અંત રહિત
અજર અમર આતમા, નરસિંહ દેહાતિત.

૬૭. હુ, તુ, ને તે છે બુધ્ધિએ કલ્પેલા બાવલાં
નરસિંહ સત્ સ્વરૂપમાં, નામરૂપ મીથ્યા જાણવાં.

૬૮. પ્રકટ કોને ઉપાસે, કોની કરે આશ
પ્રકટ ને કોણ અજવાળે, પ્રકટ સ્વયં પ્રકાશ.

૬૯. કોઈ ખૂણો ખાલી નહિ. સઘળે સ્વરૂપ મારૂં.
અજર અમર આતમા, નરસિંહ દેહાતિત.

૭૦. ગુરૂગમ કુંચીઓ લઈને, ખોલ્યાં બ્રહ્માંડ તાળા
દ્વૈતના પડદા ફાટી ગયા, દરસ્યાં દેદાર હમારા.

૭૧. નામ રૂપ ગળી ગયાં, ગળ્યો મિથ્યા આકાર
નરસિંહ સચ્ચિદાનંદ સ્વરૂપ ખેલે બાવનબાર.

૭૨. નરસિંહ નેણ વેણમાં, વહે સ્વરૂપ ધારા
પલ પલ હાજર હરિ, પ્રકટનાં અજવાળાં.

૭૩. શ્વાસોશ્વાસ સાથે વસે, અખંડ ચેતન પ્રવાહ
નરસિંહ હરપલ પ્રકટ દશા, દેહ છતાં વિદેહ.

૭૪. પ્રકટ રમે પરમાત્મા, નુગરા જુવે દેહ
નરસિંહ નિર્ભય નિજાનંદ, શુધ્ધ સ્વરૂપે સદાય.

૭૫. આશા તૃષ્ણા દાસી થઈને, કર જોડીને બેઠી
હુકમ વિના હાલે નહિ, એવી સજા કીધી.

૭૬. મનની ડોક મરડીને, મહાપદમાં માલું છું
પરના પડદા ફાડીને, સઘળે સોહમ ભાળું છું.

૭૭. સ્વરૂપે દશા પ્રકટતાં દ્રષ્ટિમાં પ્રકટ દ્રષ્ટા
નરસિંહ હરપલ નયણાં આગળ બ્રહ્મ કરે છે લટકાં.

૭૮. નરસિંહ ભાણ ઉગતાં, શશી મંડળ શરમાય
સ્વયં સ્વરૂપ પ્રકટતાં, કોડીયાં કરમાઇ જાય.

૭૯. દાસ નરસિંહ દેદાર રહીને દેહની કીધી હોળી
બ્રહ્મ રંગે રંગાઇને, આજ ખેલે હોળી.

૮૦. નરસિંહ અખિલ બ્રહ્માંડમાં, વ્યાપક આત્મ સ્વરૂપ
વાલાં, દવાલાં ક્યાં કરૂ, પ્રકટ બ્રહ્મ સ્વરૂપ.

૮૧. નરસિંહ સચરાચરમાં સ્વયં સ્વરૂપને ભાળે
દેહ છતાં વિદેહી રહીને નિર્ભય મોજો માણે.

૮૨. બાદશાહી અમારા બાપની ગુરૂગમે હાથ આવી છે
નરસિંહ ચૌદે લોકની, શહેનશાહીને પાચી છે.

૮૩. નરસિંહ તારી સાયબી લૂટે શુરા કોઇ
હોય મર્દ મરજીવા, જેના ધડ પર શીશ ન હોય.

૮૪. નરસિંહ નયણે નૂર વહે સદા રહે ચકચુર
દેહ દશા આવે નહિ, બ્રહ્મ દશા ભરપુર.

૮૫. નરસિંહ પ્યાલા પ્રેમનાં, પેટ ભરીને પીધા
દયા કરી દીન બંધુએ, પ્રકટ દર્શન દીધા.

૮૬. નરસિંહ તારી સાયબી, સંસારી શુ જાણે
દેવોના પણ ગજના વાગે, મરજીવા મોજો માણે.

૮૭. નરસિંહ સાચા સંતને, અખંડ છે શહેનશાહી
મસ્ત સદા સ્વરૂપાનંદે, વાહ શી બાદશાહી.



૮૮. નરસિંહ ગુણાતીતનાં, શુ ગાવે ગુણમાન
પ્રકટ દશા સ્વરૂપની, વાણી સેવે મૌન.

૮૯. નરસિંહ દોલત દેદારની મરજીવાને લાગે હાથ
મનનાં મેલાં દિલના દુબળાં, ઘસે જગમાં હાથ.

૯૦. પ્રકટ જ્ઞાનીની આજ્ઞા એજ કરમ, ધરમ ને તપ
નરસિંહ નિશ્ચર્ય દ્દઢ થતાં, કર્મો ખપ્યાં તર્ત.

૯૧. મન બુધ્ધિ પહોંચે નહિ વાણી પામે વિરામ
ગુરૂગમે વિચરે, નરસિંહ કૈવલ ધામ.

૯૨. રહીએ ઉન દેશમાં, જ્યાં કાળ ભરે નહિ ડગલાં
નરસિંહ દશા દેદારની, શુ જાણે જન પગલાં.

૯૩. પંથવાડા સંપ્રદાયના, છૂટચા વાદ વિવાદ
નરસિંહ મસ્ત સ્વરૂપ દશા, કોણ કરે બકવાદ.

૯૪. વૃત્તિ વહે સ્વરૂપમાં જગત સપનુ ઉડી જાય
નરસિંહ અખિલ બ્રહ્માંડમાં, બ્રહ્મ જ્યોતિ લહેરાય.

૯૫. સમાધિ રહે સ્વામી સાથે પીયર નહિ પોસાય
અલમસ્ત આતમ દશા, નરસિંહ સ્વરૂપે સદાય.

૯૬. પ્રકૃતિનો પતિ છું, બ્રહ્માંડનો છું ભૂપ
નરસિંહ પ્રકટ આતમા, સચ્ચિદાનંદ સ્વરૂપ.

૯૭. તલ જેટલો તાપ નહિ, રઈ જેટલો નહિ રાગ
નરસિંહ અદ્ભૂત આતમ દશા, ધન્ય ધન્ય મેરો ભાગ્ય.

૯૮. અલમસ્ત આતમ દશા, અન્ય કાંઈ રૂચતું નથી
નરસિંહ નીજાનંદ સીવાય, બીજું કાંઈ ખપતું નથી.

૯૯. નરસિંહ મોક્ષ સહજ છે, મળીયા મોક્ષ દુલારા
ચાવી આપી સ્વરૂપની, ખૂલ્યા અંતરના ખજાના.

૧૦૦. સનમાને હર્ષ નહિ, અપમાને નહિ શોક
નરસિંહ મસ્ત ફકીરને, જાણે વિરલા કોક.

૧૦૧. આપો નહિ તાપો નહિ, નહિ કરમની ઝાળ
નરસિંહ અક્રમ આત્મ દશા, શું જાણે સંસાર.

૧૦૨. નરસિંહ દોલત દેદારની, ગુરૂગમે લીધી ગોતી
અલમસ્ત આતમ દશા, માયા રહી ગઈ રોતી.

૧૦૩. નરસિંહ તારા નિજ દેદારે, અઢળક માલ ભરીયો
સારી દુનિયા મોજ ઉડાવે, એવો માલ મલીયો.

૧૦૪. પ્રશંષાથી પલળે નહિ, નીંદાથી નહિ ડગે
નિજાનંદી નરસિંહ સદા, નીજ સ્વરૂપે રમે.

૧૦૫. મનની દુનિયા છોડતાં, બ્રહ્મની ખડકી ખુલી
નરસિંહ દેહ છોડતાં, અમર વસ્તું મલી.

૧૦૬. નરસિંહ દેહભાવ છોડતાં, શી મસ્તી છે વાહ
સ્વરૂપાનંદ ચાખતાં, બની ગયો શહેનશાહ.

૧૦૭. ઉદય કર્મોને આમંત્રુ છું આવો તમે આ વાર
નરસિંહ અવિચળ આતમા, છેલ્લો છે અવતાર.

૧૦૮. શુળી પરનું અમૃત પીને અમર થયો વું આજ
કાળ મુજને શુ કરે, હું કાળનલ શિરતાજ.